**આજનો સુવિચાર**

વીતેલા સમયને યાદ ન રાખો તો ચાલશે પણ તેમાંથી મળેલા અનુભવોને હંમેશા યાદ રાખજો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૮૦ જૂનાગઢ તા.૧૨-૦૩-૨૦૨૫ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 80, Junagadh : Date : 12 March, 2025, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### બળવાખોરોના કબ્જામાંથી ટ્રેનને મુક્ત કરાવવા લોહિયાળ સંઘર્ષ

# પાકિસ્તાનમાં સૈન્ય અને બલુચી વિદ્રોહીઓ વચ્ચે ભારે ધમાસાણ

## બળવાખોરોના કબ્જામાંથી ૧૫૫ મુસાફરોને સૈન્યએ મુક્ત કરાવ્યા : ૫૦ થી વધુ સૈનિકો અને વિદ્રોહીઓના મોત

ઈસ્લામાબાદ, તા.૧૨: પાકિસ્તાન ટ્રેન અપહરણને ૨૦ કલાકથી વધુ સમય થઈ ગયો છે, પરંતુ પાકિસ્તાની સેના હજુ સુધી જાફર એક્સપ્રેસને બલૂચ બળવાખોરોના ચુંગાલમાંથી મુક્ત કરાવી શકી નથી. પાકિસ્તાની સેના અને સુરક્ષા દળોએ ગતરાત્રે ઝફર એક્સપ્રેસને કબજે કરવાના તમામ પ્રયાસો કર્યા, પરંતુ ત્રણ બાજુ પર્વતો અને એક બાજુ એક સુરંગે તેમના બધા પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા. પરિસ્થિતિ એવી છે કે પાકિસ્તાની સુરક્ષા દળો જાફર એક્સપ્રેસ જ્યાં આવેલી છે ત્યાંથી માત્ર એક કિલોમીટર દૂર છાવણી નાખીને બેઠા છે. તેઓએ ચારે બાજુથી ઘણા કિલોમીટરના વિસ્તારને ઘેરી લીધો છે. પાકિસ્તાન આર્મીના જેટ, ગન ફ્લાઈટ હેલિકોપ્ટર અને અનેક ડ્રોન પણ ઘટનાસ્થળે હાજર છે, પરંતુ બળવાખોરોનો હજુ પણ જાફર એક્સપ્રેસ પર કબજો છે.


આ દરમિયાન, બળવાખોરોએ ટ્રેનમાંથી ૧૫૫ નાગરિકોને મુક્ત કર્યા છે. જ્યારે આ લોકો નજીકના સ્ટેશન પર પહોંચ્યા, ત્યારે તેમણે પાકિસ્તાની સેનાનો પર્દાફાશ કર્યો. વાસ્તવમાં પાકિસ્તાની વહીવટીતંત્ર દાવો કરી રહ્યું છે કે તેણે જાફર એક્સપ્રેસમાં રહેલા ઘણા લોકોને બચાવ્યા છે. જાફર એક્સપ્રેસમાંથી પાછળ રહી ગયેલો એક વ્યક્તિ સ્પષ્ટપણે કહેતો જોવા મળે છે કે તેઓ અમને છોડીને ગયા હતા અને કહ્યું હતું કે હવે પાછળ ફરીને ન જુઓ.



## ભારતમાં હાઈસ્પીડ ઈન્ટરનેટ યુગ શરૂ થશે : મસ્કની સ્ટારલીંક સાથે એરટેલ બાદ હવે રીલાયન્સ જીયોએ પણ કરાર કર્યો

મુંબઈ તા.૧૨ ભારતમાં સ્ટારલીંક હાઈસ્પીડ ઈન્ટરનેટની તૈયારી હોય તેમ એરટેલે સ્પેસએક્સ સાથે કરાર કર્યાના બીજા જ દિવસે રીલાયન્સ ગ્રુપની જીયો દ્વારા પણ કંપની સાથે કરાર કરવામાં આવ્યો છે. જો કે, ભારત સરકાર દ્વારા સ્ટારલીંકની સેવા શરૂ કરવાની લીલીઝંડી આપવામાં આવે પછી જ આ સેટેલાઈટ આધારિત હાઈસ્પીડ ઈન્ટરનેટ સેવા કાર્યાન્વિત થઈ શકશે. અમેરિકી ઉદ્યોગપતિ એલન મસ્કની કંપની સ્પેસ એકસ સાથે સ્ટારલીંક હાઈસ્પીડ ઈન્ટરનેટ સેવા માટે એરટેલે કરાર કર્યા હતા તેના બીજા જ દિવસે રિલાયન્સ જીયો દ્વારા પણ સમાન કરાર કરવામાં આવ્યા છે. આ કરાર મારફત સ્ટારલીંક ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ શરૂ કરશે.

## વડાપ્રધાન મોદીને મોરશિયસે દેશનું સર્વોચ્ચ નાગરીક સન્માન આપ્યું



મોરેશિયસ તા.૧૨ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મોરેશિયસ સરકારના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર એન્ડ કી ઓફ ધ ઈન્ડિયન ઓશન' થી સન્માનિત કરવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદી આ પ્રતિષ્ઠિત સન્માન મેળવનારા પહેલા ભારતીય બન્યા છે. ઉલ્લેખનીય છે કે આ કોઈપણ દેશ દ્વારા પીએમ મોદીને આપવામાં આવેલો ૨૧મુ આંતરરાષ્ટ્રીય સન્માન છે.

આ સન્માન સ્વીકારતી વખતે પીએમ મોદીએ કહ્યું, "હું નમ્રતાથી તેનો સ્વીકાર કરું છું. આ સન્માન ભારત અને મોરેશિયસ વચ્ચેના ઊંડા સંબંધો માટેનું સન્માન છે. આ તે ભારતીયો માટે પણ સન્માન છે જેમણે પેઢીઓથી આ ભૂમિની સેવા કરી અને તેને ઉચ્ચ ઊંચાઈઓ પર પહોંચાડી. હું મોરેશિયસના લોકો અને સરકાર પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું." પીએમ મોદીએ યાદ કર્યું કે તેઓ ૧૦ વર્ષ પહેલાં આ જ તારીખે મોરેશિયસ આવ્યા હતા. તેમણે કહ્યું, "એક અઠવાડિયા પહેલા ભારતમાં હોળી ઉજવવામાં આવી હતી અને હું મારી સાથે કેસરી રંગનો ઉત્સાહ લઈને આવ્યો હતો. આ વખતે હું હોળીના રંગો મારી સાથે લઈ જઈશ. હિન્દ મહાસાગરમાં મોરેશિયસ સાથે ભારતના મજબુત સંબંધોથી ચીનના વધતા પ્રભાવને રોકવામાં ભારતને સફળતા મળશે તેવું માનવામાં આવી રહ્યું છે.

## ૩૦ દિવસના યુધ્ધ વિરામ માટે યુક્રેન સંમત હવે રશિયાના નિર્ણય પર તમામની મીટ

જેદ્દાહ, તા.૧૨: રશિયા અને યુક્રેન વચ્ચે ૩ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા ભીષણ સંઘર્ષનો અંત આવવાની આશા હવે જાગી રહી છે. સાઉદી અરેબિયામાં અમેરિકી અધિકારીઓ સાથેની વાતચીત બાદ યુક્રેન તાત્કાલિક ૩૦ દિવસના યુદ્ધવિરામ માટે સંમત થયું છે. આઠ કલાકની વાતચીત પછી, યુએસ અધિકારીઓએ આ જાહેરાત કરી અને કહયું કે હવે બોલ રશિયાના કોર્ટમાં છે. આ દરખાસ્ત હવે ક્રેમલિન સમક્ષ મૂકવામાં આવશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના યુદ્ધવિરામ કરારનું સ્વાગત કર્યું છે અને આશા વ્યક્ત કરી છે કે રશિયા પણ તે સંમત થશે.

ટ્રમ્પે કહયું કે આ ભયંકર યુદ્ધમાં રશિયા અને યુક્રેન બંનેના સૈનિકો માર્યા જઈ રહયા છે અને યુદ્ધવિરામ પર પહોંચવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. મંગળવારે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહયું કે યુક્રેનમાં થોડા સમય પહેલા જ યુદ્ધવિરામ પર સંમતિ થઈ હતી. હવે આપણે રશિયા જવું પડશે અને આશા છે કે રાષ્ટ્રપતિ પુતિન પણ આ માટે સંમત થશે અને આપણે તેને આગળ વધારી શકીશું.

અગાઉ, સાઉદી અરેબિયાના જેદ્દાહમાં યુએસ અને યુક્રેનિયન અધિકારીઓ વચ્ચેની બેઠક બાદ, બંને દેશોએ એક સંયુક્ત નિવેદન બહાર પાડયું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે યુક્રેન તાત્કાલિક, વચગાળાના ૩૦ દિવસના યુદ્ધવિરામને લાગુ કરવાના યુએસ પ્રસ્તાવ માટે ખુલ્લું છે, જેને પક્ષકારોની પરસ્પર સંમતિથી લંબાવી શકાય છે.

## ખાદ્ય તેલના ભાવો વધશે આયાત ૪ વર્ષના તળીયે પહોંચી

નવી દિલ્હી તા.૧૨: ફેબ્રુઆરીમાં ભારતની ખાદ્ય તેલની આયાત ચાર વર્ષના સૌથી નીચલા સ્તરે પહોંચી ગઈ. રોઈટર્સના અહેવાલ મુજબ, સોયાબીન તેલ અને સૂર્યમુખી તેલની આયાતમાં ઘટાડો થવાને કારણે આવું બન્યું છે. અગ્રણી ઉદ્યોગ સંસ્થા, સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (SEA) એ મંગળવારે આ માહિતી આપી. આના કારણે દેશમાં ખાદ્ય તેલનો સ્ટોક ત્રણ વર્ષમાં સૌથી નીચા સ્તરે પહોંચી ગયો છે. ભારત વિશ્વમાં વનસ્પતિ તેલનો સૌથી મોટો ખરીદદાર છે. સતત બીજા મહિને ઓછી આયાતને કારણે, દેશમાં તેનો સ્ટોક ઘટયો છે. જેના કારણે, આગામી મહિનાઓમાં ભારતને વધુ તેલ ખરીદવું પડી શકે છે. આનાથી મલેશિયન પામ તેલ અને અમેરિકન સોયાબીન તેલના ભાવમાં વધારો થઈ શકે છે.


સૌરાષ્ટ્રનું નં.૧સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ
CNG ટેન્ક રીટેસ્ટીંગ
ઓનલાઈન પ્લાન્ટ
A.S. Auto Gas
CNG ફીટીંગ સેન્ટર
મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪
ટોરેન્ટ ગેસની પાસે, ખામધ્રોળ ચોકડી, જૂનાગઢ


લોન... લોન... લોન...લોન...
CAPRI LOANS
SAATH APNO KA
હવે કોઈપણ નાના કે મોટા ધંધા માટે લોન મળશે સરળતાથી
- સ્કૂલ ફંન્ડિગ
- હોસ્ટેલ ફંન્ડિગ
- રિસોર્ટ ફંન્ડિગ
- હોસ્પિટલ ફંન્ડિગ
- દુકાન ખરીદી મા
- કોમર્સિયલ મિલકત ખરીદી મા
- કારખાના ખરીદી મા
- મોર્ગેજ લોન
- ઉપર મુજબ ની કોઈપણ લોન 1 Cr. To 5 Cr. સુધીની લોન કરી આપીશું.
- Cibil નો પ્રોબ્લેમ હોય તો પણ ચિંતા ન કરો અમે લોન કરી આપીશું.
- કોઈપણ પ્રકારની મોર્ગેજ લોન કરી આપશું.
Gautam Lalvani
9978118463

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
કોઈપણ જાતનાં સંક્રમણને રોકવા રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો....
દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

હીટવેવથી બચવા શું કરવું અને શું ના કરવું?
આટલું કરો
- તરસ ના લાગી હોય તો પણ યોગ્ય માત્રામાં પાણી પીવું
- શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ના થાય તે માટે ORS દ્રાવણ અથવા છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ અને નારિયેળ પાણીનો ઉપયોગ કરો
- ઘરની બહાર જતી વખતે માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો
- વજનમાં અને રંગમાં હળવા પ્રકારના સુતરાઉ વસ્ત્રો પહેરો
- આંખોના રક્ષણ માટે સનગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સનસ્ક્રીન લગાવો
- પ્રાથમિક સારવાર માટેની તાલીમ લો
- બાળકો, વૃદ્ધો, બિમાર વ્યક્તિ કે વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ "લૂ"ના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે તેમની વિશેષ કાળજી રાખો
આટલું ના કરો
- શક્ય હોય ત્યાં સુધી બપોરના ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી તડકામાં બહાર ન નીકળવું
- શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા પીણાં જેવા કે ચા, કોફી, સોફ્ટ ડ્રિંક્સ ના લેવા
- મસાલેદાર, તળેલા, વધુ પકતા મીઠાવાળા આહારનો ઉપયોગ ટાળવો
લૂ લાગેલ વ્યક્તિની પ્રાથમિક સારવાર
- જો કોઇ વ્યક્તિને લૂ લાગી હોય તો પ્રાથમિક સારવાર માટે ભીના કપડાનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો
- શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઇ રહે તે માટે ORS દ્રાવણ અથવા લીંબુ પાણી આપો
- લૂ લાગેલ વ્યક્તિને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર પર લઇ જવા
- જો શરીરનું તાપમાન સતત વધતું હોય, માથાનો અસહ્ય દુઃખાવો હોય, નબળાઇ હોય, ઉલટી થતી હોય કે બેભાન થઇ જાય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવવી
સચેત રહો, સુરક્ષિત રહો
GSDMA
ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગર

# યાત્રાધામ દ્વારકા જગતમંદિરે ૧૪મીએ ફુલડોલ ઉત્સવ ઠાકોરજી સંગ રંગ ભાવિકો રંગ રમશે

**કાળિયા ઠાકોરને ચાંદીની પીચકારીમાં કેસુડાનો તથા કેસર જળથી રંગ રમાડાશે અબિલ ગુલાલની છોળોથી મંદિર પરીસર રંગે રંગાશે : દ્વારકાધીશજીને તમામ પ્રકારની વ્યંજનો સાથે વિશેષ ધાણી-દારીયા, ખજુર, સુકોમેવો, મગ,-ચોખા, તથા મગજના લાડુ અને ફાફડાનો વિશેષ ભોગ ધરાશે**



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૨

યાત્રાધામ દ્વારકા જગત મંદિરે હોળી ફુલડોલ ઉત્સવનું અનેરૂ મહત્વ હોય છે. ફાગણી પુનમના દિવસે પવિત્ર ગોમતી સ્નાનનું અનેરૂ મહત્વ હોય ઠાકોરજી સંગ રંગાવા તથા ફુલડોલ ઉત્સવ મનાવવા લાખો ભાવિકો દ્વારકા પહોચ્શે. દ્વારકાધીશજી મંદિરે ફુલડોલ ઉત્સવનું અનેરૂ મહત્વ છે. હોળાષ્ટકની શરૂઆતથી જગતમંદિરે સવારની શુંગાર આરતી અને સાંજની સંધ્યા આરતીમાં પુજારી દ્વારા શ્રીજીને અબિલ ગુલાલથી રમાડાય છે. તા.૧૪ શુક્રવારના પુનમના (ધુળેટી) ફુલડોલ ઉત્સવ ઉજવાશે. સવારથી જ જગતમંદિરે ભાવિકોનું ધોડાપુર ઉમટી પડશે. તા,૧૪મીએ પુનમ હોવાથી મંગલા આરતી સવારે ૬:૦૦ વાગ્યે થશે. અનોસર(મંદિર બંધ) બોપરે ૧:૦૦ કલાકે થશે. ફુલડોલ ઉત્સવ આરતી બોપરે ૧:૩૦ વાગ્યે થશે. ઉત્સવ દર્શન ૧:૩૦ થી ૨:૩૦ સુધી થશે. ૨:૩૦ થી ૫:૦૦ વાગ્યા સુધી મંદિર બંધ રહેશે.

સાંજે શ્રીજીનો ક્રમ નિત્યક્રમ મુંજબ રહેશે. શુક્રવારના મંદિર પરીસરમાં બોપરે ૧:૩૦ થી ૨:૩૦ ફુલડોલ ઉત્સવ ઉજવાશે. ઉત્સવ નિમીતે શ્રીજીને વિશેષ ભોગ ધરાવવામાં આવશે. તેમા નિત્યક્રમની તમામ પ્રકારની વ્યંજનો સાથે વિશેષ ધાણી-દારીયા, ખજુર, સુકોમેવો, મગ,-ચોખા, તથા મગજના લાડુ અને ફાફડાનો વિશેષ ભોગ ધરાશે. ત્યારબાદ ફુલડોલ ઉત્સવ આરતી કરાશે. ઉત્સવ આરતી દરમિયાન ફરીથી ઠાકોરજીને હસ્તમાં રંગોની પોટલી ધરાવાશે. તેમજ ચાંદીની પીચકારીમાં કેસુડાનું કેસરનું પાણી ભરી ઠાકોરજીને રંગે રમાડાશે. તથા ઠાકોરજીને ધરાવેલ રંગોની પોટલીમાંથી અને પીચકારીથી ભાવિકોને રંગ ઉડાડાશે. ત્યારબાદ દ્વારકાધીશજીના જય જયકાર વચ્ચે ભાવિકો અબિલ ગુલાલથી રંગે રમશે. સમગ્ર મંદિર પરીસરમાં અબિલ ગુલાલની છોળો ઉડશે.અને ભાવિકો શ્રીજી સંગ ભાવભેર રમશે. હાલ ફુલડોલ ઉત્સવ ઉજવવા ઉમટેલા યાત્રિકો પદયાત્રિકોથી દ્વારકા ધમધમી રહ્યું છે.

# જૂનાગઢમાં હોળી(ધુળેટી)નાં પાવન તહેવાર નિમિતે જરૂરીયાતમંદ ૫૫ કુટુંબોને વિનામુલ્યે અનાજની કીટ, ખજુર, ધાણી, મમરા વગેરે વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

માનવ સેવા એજ પ્રભુ સેવાનાં સુત્રને સાર્થક કરતી સંસ્થા શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ-જૂનાગઢ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે જરૂરીયાતમંદ કુટુંબોને વિનામુલ્યે અનાજ વિતરણ કરવામાં આવે છે. તો તેનાં અનુસંધાને આ વખતે માર્ચ મહિનામાં અને હોળી (ધુળેટી)નાં પાવન તહેવાર નિમિતે તા.૦૯-૩-૨૦૨૫ને રવિવારનાં રોજ આદર્શ પ્રાયમરી સ્કુલ, દુબડી પ્લોટ, ગરબી ચોક - જૂનાગઢ ખાતે જરૂરીયાતમંદ ૫૫ (પંચાવન) કુટુંબોને વિનામુલ્યે તેલ, ખીચડી, ખાંડ, ચણાની દાળ, ચણા, ચોખા નાં પૌવા, ચાની ભુકી, ચટણી, હળદર, ધાણાજીરૂ, ખજુર, મમરા, ન્હાવાનો સાબુ, કપડાં ધોવા નો સાબુ, કપડાં ધોવાનો પાવડર, મોટી ધાણી, નાની ધાણી, મસાલા દાળીયા, સાદા દાળીયા, નિમક (મીઠું), પારલે બિસ્કીટ એમ કુલ ૨૧ (એકવીસ) આઈટમ આપવામાં આવેલ હતી. આ અનાજ, ખજુર, ધાણી, મમરા વિતરણનાં પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જૂનાગઢનાં નામાંકિત આગેવાનો જેમાં ચાર્ટર્ડ એકાઉન્ટ મેહુલભાઈ દતા, આર્ય વીર દળ - જૂનાગઢનાં અધ્યક્ષ દિપકભાઈ આર્ય, આદર્શ પ્રાયમરી સ્કુલ-જૂનાગઢનાં સંચાલક મેહુલભાઈ પરમાર, હરસુખભાઈ પાલા, રમણીકભાઈ ચલ્લા, દેવીબેન દવે, ઈન્દુબેન ખાણદર, કુંજનબેન સોલંકી, મિતલબેન રાડા, રમીલાબેન ઘુચલા, રોશનીબેન ઘુચલા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. તમામ ઉપસ્થિત મહેમાનોએ આ સંસ્થાની સેવાકીય પ્રવૃતિને બિરદાવી હતી. આ અનાજ, ખજુર, ધાણી, મમરા વિતરણ નાં પ્રસંગે અલગ અલગ જૂનાગઢનાં અને બહારગામથી દાતાઓનો પુરેપુરો સહકાર મળ્યો હતો. આ સેવાકીય કાર્યને સફળ બનાવવાં સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્ર ઘુચલાએ જહેમત ઉઠાવી હતી.

# રાહત નિયામકની કચેરીના સહયોગથી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અંગે ત્રિદિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો



**જૂનાગઢના દરિયા કિનારે પ્રતિ વર્ષ વાવાઝોડા જેવી સંભવિત અસરો સામે નાગરિકો સચિત અને સાવજ બને અને આપત્તિ વ્યવસ્થાપનથી તાલીમ બંધ થઈ મુશ્કેલીઓને હળવી કરે તે દિશામાં તંત્ર દ્વારા સુંદર આયોજન**


(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૨

રાહત નિયામકની કચેરી મહેસૂલ વિભાગ ગાંધીનગરના સહયોગથી જિલ્લા વહીવટીતંત્ર જૂનાગઢના આયોજિત આપત્તિ વ્યવસ્થાપન અંગે ત્રિદિવસીય વર્કશોપ માંગરોળ મામલતદાર પરમારનાં માર્ગદર્શન તળે માંગરોળ તાલુકાના લોએજ મુકામે યોજાયો હતો. જેમાં લોએજ એને આસપાસનાં ગામડાના અનેક લોકો આ તાલીમ કાર્યશાળામાં સહભાગી બન્યા હતા અને ખૂબ મોટી સંખ્યામાં ભાઈ-બહેનો આપત્તિ વ્યવસ્થાપન અંગેની ટ્રેનિંગ લીધી હતી. મામલતદાર પરમાર દ્વારા ગ્રામજનો ગ્રામજનોને કુદરતી આફતો સુનો સામનો કેવી રીતે કરવો તે બાબતે સમજૂત કર્યા હતા અને જણાવ્યુ હતું કે આવી ટ્રેનિંગ ખૂબ જ જરૂરી છે, આવી આપત્તિ ક્યારેક આપણી આપણી ઉપર કે આજુબાજુ આવી શકે તો આવી ટ્રેનિંગ ખૂબ જ અગત્યની બની શકે છે, કેમ્પમાં આગેવાન દાનાભાઈ ખાંભલા સહિત અનેક ગણમાન્ય આગેવાનો પણ જોડાયા હતા, હાજર રહી ટ્રેનિંગ લીધેલ નાગરિકોએ ગૂજરાત સરકારનાં આપત્તિ વ્યવસ્થાપન તંત્ર મહેસુલ વિભાગ તેમજ જિલ્લા કલેકટર કચેરીના ઉપક્રમે યોજાયેલી આ આપત્તિ સામે કેવી રીતે સામનો કરી શકાય તેની તાલીમ ખરા અર્થમાં માંગરોળ અને દરિયાકાંઠાના વિસ્તારના ગ્રામજનોને ખૂબ જ ઉપયોગી પુરવાર થાય તેમ છે તેમ જણાવ્યું હતું, અકસ્માત કુદરતી આપત્તિ વગેરે નદી કૂવા તળાવમાં ડૂબતા લોકોને કેમ બચાવવા એવી તમામ બાબતની ચિંતા કરી ગુજરાત સરકાર દ્વારા ટ્રેનિંગ આપી રહી છે તેની સરાહના કરી હતી. કાર્યક્રમ સફળ બનાવવા માંગરોળ મામલતદાર કચેરી દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવેલ છે.

# જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરે શ્રી હરીકૃષ્ણ મહારાજનો પાટોત્સવ ઉજવાશે

**મંગળા આરતી, શણગાર, અન્નકુટ દર્શન, સત્સંગ સભા સહિતના કાર્યક્રમો**



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢના જવાહર રોડ સ્થિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે આગામી તા.૧૬ માર્ચને રવિવારના રોજ શ્રી હરીકૃષ્ણ મહારાજનો ૧૬૫મો વાર્ષિક પાટોત્સવ ઉજવનાર છે. ગરવા ગિરનારની ગોદમાં ભગવાન સ્વામિનારાયણના સ્વહસ્તે પ્રસ્થાપિત અને સોરઠના સત્સંગીઓની આસ્થા ઉપાસનાનાં કેન્દ્ર સમાન સર્વોપરી તિર્થધામ જૂનાગઢમાં રાધારમણ દેવની સમીપે બિરાજમાન આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરીકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા વિધી શ્રી ગુણાતીતાનંદ સ્વામીના સંકલ્પથી આદિ આચાર્ય પ.પુ. રઘુવીરજી મહારાજએ સંપન્ન કરી તેને ૧૬૫ વર્ષ પૂર્ણ થયે ૧૬૫મો વાર્ષિક પાટોત્સવ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના રૂડા આર્શીવાદથી ફાગણ વદ-૨તા.૧૬ માર્ચ રવિવારના ૨જ પુ. સ્વામી દેવનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ ધામધુમથી પાટોત્સવ ઉજવાશે. મુખ્ય યજમાન પદે આનિ નાથજીભાઈ ઈચ્છારામ શુકલ તથા આનિ વસંતરાય કુવરજી મહેતાની પૂણ્ય સ્મૃતિમાં પાર્થ મિતેષ વસંતરાય મહેતા રહેશે. આ પાટોત્સવ દરમ્યાન રવિવારે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી ૬ કલાકે અભિષેક દર્શન સવારે ૮:૩૦ કલાકે શણગાર, અન્નકુટ દર્શન અને ૯ કલાકે જૂનાગઢ, વડતાલ, ગઢડા, ધોલેરા, અમદાવાદ, ભુજથી સદગુરૂ સંતો ઉપસ્થિત રહી આશિવર્ચન આપશે. આ કાર્યક્રમનો લાભ લેવા ભાવિકોને અનુરોધ કરાયો છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે ચેરમેન પૂ. પી.પી. સ્વામી તથા મુખ્ય કોઠારી પ્રેમસ્વરૂપદાસજીનાં માર્ગદર્શન હેઠળ જહેમત ઉઠાવવામાં આવી રહી હોવાનું પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવાયું છે.

# જય દ્વારકાધીશ જય કાળીયા ઠાકરના નાદ સાથે પદયાત્રિકો દ્વારકા તરફ પહોચી રહ્યા છે

**ડીજે ના તાલ તો ક્યાંક દેશી તાલ સાથે રસ્તામાં રાસ રમતા નાચતા ભક્તિના રંગે રંગાઈ પદ યાત્રિકો દ્વારકાધીશના શરણે પહોચે છે**



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૨

યાત્રાધામ દ્વારકામાં ફૂલડોલ ઉત્સવને ત્રણ દિવસ આડા છે. ત્યારે પદયાત્રિકો જય દ્વારકાધીશ જય કાળીયા ઠાકર ના નાદ સાથે મોટા ભાગના પદ યાત્રિકો દ્વારકા પહોચ્વા આવ્યા છે. દ્વારકા ચરકલા વચ્ચેના રસ્તામાં લાંબી કતારોમાં પદયાત્રીઓના સંઘ દ્વારકા તરફ પહોંચી રહ્યા છે. રસ્તાઓ આવતા સેવા કેમ્પોમાં નાચતા જુમતા શ્રધ્ધાળુઓ કાળિયા ઠાકોર સાથેની અતૂટ નાતાને જાળવી પગપાળા આવી રહ્યા છે. દર વર્ષે દ્વારકાધીશના દર્શને હોળી ઉત્સવે દર્શનનો અનેરો મહિમા છે. દર વર્ષે લાખો શ્રધ્ધાળુ દ્વારકા ફુલડોલ ઉત્સવ તહેવાર પર દર્શને આવે છે. દ્વારકામાં માનવ મહેરામણ ઉમટતું હોઈ છે. આ વર્ષે પણ ભક્તોએ પણ અડગ બની દ્વારકા તરફ પગ માંડી દીધા છે. ચાલીને આવતા યાત્રિકોને ધ્યાને લઈ તંત્ર પણ સાવચેતીના પગલાં લઈ રહ્યું છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. દ્વારકાધીશના નારા સાથે ભક્તો સેવા કેમ્પમાં રોકાઈ ડીજે ના તાલ તો ક્યાંક દેશી તાલ સાથે રાસ રમતા નાચતા જુમતા ભક્તિના રંગે રંગાઈ દ્વારકાધીશના શરણે આવી રહ્યા છે. સેવાભાવિ લોકોના ચા પાણી નાસ્તા આઈસ્કીમ, તરબુચ,ભોજન સહિત વગેરે કેમ્પોમાં ધમધમી રહ્યા છે. ઉપરાંત પદયાત્રીકો ભાવિકોને સેવાભાવિ લોકો ચાલું વાહનોમાં ચા નાસ્તા આઈસક્રીમ જેવી વિવિધ સેવાઓ કરી રહ્યા છે. હાલતો દ્વારકામાં ઉત્સવ પહેલા માનવ મહેરામણ ઉમટી પડ્યું છે.

**યાત્રાધામ દ્વારકામાં હોળી-ફુલડોલ ઉત્સવને લઇ ચુસ્ત બંદોબસ્ત**

**Sp 1, Dysp 3, Pi 20, Psi 50,** સહિત ૧૪૦૦ પોલીસ સ્ટાફનો બંદોબસ્ત મંદિર સહીત દ્વારકા શહેરમાં ગોઠવવામાં આવ્યો છે. યાત્રાધામ દ્વારકામાં હોળી ફુલડોલ ઉત્સવ ઉજવવા લાખો ભાવિકો આવનાર અનિર્છીય બનાવો ન બને સાવચેતી અને સલામતીના ભાગ રૂપે રેન્જ આ આઈજીના માર્ગદર્શન હેઠળ દેવભુંમી દ્વારકા જીલ્લાના પોલીસ વડા **Sp 1, Dysp 3, Pi 20, Psi 50** એલસીબી, એસોજી, ડીસ્ટાફ, પોલીસ, તેમજ એસ આર પી, હોમગાર્ડ, જીઆરડી સહિતના ૧૪૦૦ જવાનોની ટુકડી દ્વારકાધીશ જગત મંદિર સહિત શહેરમાં જુદી જુદી જગ્યાએ બંદોબસ્ત ગોઠવામાં આવ્યો છે.

## સ્વાસ્થ્ય મંત્રાલયે ચેરમેનને લખ્યો પત્ર

# IPLમાં તમાકુ અને દારૂની જાહેરાતો પર પ્રતિબંધ મુકો

નવી દિલ્હી, તા. ૧૨

IPLની ૧૮મી સિઝન ૨૨ માર્ચથી શરૂ થઈ રહી છે. આ પહેલા સ્વાસ્થ્ય મંત્રાલયે આઈપીએલની જાહેરાતોને લઈને પત્ર લખ્યો છે. આરોગ્ય મંત્રાલયે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ને ૨૨ માર્ચથી શરૂ થનારી ટુર્નામેન્ટ દરમિયાન 'સરોગેટ' જાહેરાતો સહિત તમામ પ્રકારના તમાકુ અને આલ્કોહોલના પ્રચાર પર પ્રતિબંધ મૂકવાનો નિર્દેશ આપ્યો છે.

આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક અતુલ ગોયલે IPLના અધ્યક્ષ અરુણ ધૂમલને પત્ર લખ્યો છે. આ પત્રમાં તેણે કહ્યું કે ક્રિકેટ ખેલાડીઓ ભારતના યુવાનો માટે રોલ મોડલ છે. તેઓ કોઈપણ પ્રકારની તમાકુ અથવા આલ્કોહોલની જાહેરાત સાથે પ્રત્યક્ષ કે આડકતરી રીતે જોડાયેલા ન હોવા જોઈએ.

આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક અતુલ ગોયલે પત્રમાં લખ્યું છે કે, IPL એ સરોગેટ જાહેરાતો સહિત તમાકુ અને આલ્કોહોલ સંબંધિત તમામ પ્રકારની જાહેરાતો પર પ્રતિબંધ મૂકતા નિયમોનો કડક અમલ કરવો જોઈએ. આવી જાહેરાતો સ્ટેડિયમની અંદર અને રાષ્ટ્રીય ટેલિવિઝન પર પ્રસારણ દરમિયાન પણ દર્શાવવી જોઈએ નહીં.

સ્પર્ધા દરમિયાન અને રમતગમતની સુવિધામાં તમાકુ અને આલ્કોહોલ ઉત્પાદનોનું વેચાણ ન હોવું જોઈએ, પત્રમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, જેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આલ્કોહોલ અથવા તમાકુ ઉત્પાદનોને સમર્થન આપે છે તેમને નિરાશ કરો.

મહત્વનું છે કે IPL દરમિયાન મોટાભાગના ભારતીય ક્રિકેટ પ્રેમીઓ ટેલિવિઝન પર તેનો આનંદ માણે છે. આવી સ્થિતિમાં, આ ટૂર્નામેન્ટ જાહેરાતકારોની ફેવરિટ બની જાય છે. અતુલ ગોયલે કહ્યું કે જાહેર આરોગ્યને પ્રોત્સાહન આપવું એ ક્રિકેટરોની નૈતિક જવાબદારી છે. તેણે કહ્યું, ક્રિકેટ ખેલાડીઓ તંદુરસ્ત અને સક્રિય જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે યુવાનો માટે રોલ મોડલ છે જ્યારે IPL દેશનું સૌથી મોટું રમતગમત પ્લેટફોર્મ છે. જાહેર આરોગ્યને પ્રોત્સાહન આપવું અને સરકારી આરોગ્ય પહેલને સમર્થન આપવું એ સામાજિક અને નૈતિક જવાબદારી છે.

# માણાવદરમાંથી ઘોડીપાસાનો જુગાર રમતા ૧૦ શખ્સો ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

માણાવદરના સ્ટેશન પ્લોટ વિસ્તારમાંથી ઘોડીપાસાનો જુગાર રમતા ૧૦ શખ્સોને ૧.૪૪ લાખના મુદ્દામાલ સાથે માણાવદર પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસે સ્ટેશન પ્લોટ વિસ્તારમાં લીમડા નીચે ઓટા ઉપર ઘોડીપાસાનો જુગાર રમતા રાહીલ રફીકભાઈ ગોરી, શૈલેષ ભીમાભાઈ ડાભી, ખીમા કારાભાઈ રાઠોડ, દિપક પોલાભાઈ ચુડાસમા, મેરામણ ઉકાભાઈ શામળા, લાખા હાજાભાઈ ગળચર, મુસ્તાક યુનુસભાઈ મીર, લાખા વીરાભાઈ ગરચર, મોહન તીરથભાઈ ખત્રી અને ઈસ્માઈલ ખમીશાભાઈ સુમરાને ૧,૦૮,૮૮૦ રોકડ સહિત ૬ મોબાઈલ મળી કુલ ૧,૪૪,૮૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ માણાવદર પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ જીલ્લા કક્ષાનો આયુર્વેદ આયુષ મેળો, નિદાન અને સારવાર શિબિર મેંદરડા ખાતે યોજાઈ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૨

શિવમ્ ચક્ષુદાન -આરેણા પરિવાર દ્વારા આયુર્વેદનો પ્રચાર અને આયુર્વેદ સુધી લોકોને વ્યક્તિગત રસ લઈને લઈ જવા તેમજ આયુર્વેદનું મહત્વ સમજાવવું તથા આયુર્વેદના કેમ્પ ગોઠવી લોક ઉપયોગી થવું, સાથે સાથે અન્ય થતી વિવિધ સેવાકીય પ્રવૃતિની સવિશેષ નોંધ લઈને જૂનાગઢ આયુર્વેદ અધિકારી દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે. સન્માન સમયે જીલ્લા આયુર્વેદ અધિકારી ડો. ત્રિવેદી, ડો.પીઠીયા, ડો. કરંગીયા, ડો, દલાલ, ડો.જોષી, ડો. અગ્રાવત, ડો. સોંદરવા સાથે જીલ્લા આયુર્વેદ શાખા સર્વે ડોકટરઓ તથા ખાખી મઢીના મહંતશ્રી સુખરામ બાપુ, જીલ્લા પંચાયત પ્રમુખ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમની હાજરીમાં સન્માનિતત કર્યા છે એ બદલ શિવમ્ ચક્ષુદાન -આરેણા પરિવાર વતિ હૃદયથી આભાર માનેલ હતો.

# જૂનાગઢમાં ગાંધીગ્રામ ખાતે ૫૧ હજાર છાણાની હુતાસણી પ્રગટાવાશે : તડામાર તૈયારી



જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રમાં હુતાસણી અને ધુળેટી પર્વની ઉત્સાહમય રીતે ઉજવણી કરવા માટે તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે. જૂનાગઢ શહેરમાં પણ ગાંધીગ્રામ ખાતે હુતાસણી પર્વની ઉજવણી કરવામાં આવશે. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર શહેરનાં ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા વર્ષ દરમ્યાન આવતા તહેવારો નવરાત્રી, ગણેશ ઉત્સવ, હનુમાન જયંતિ સહીતનાં તહેવારોની ભાવભેર ઉજવણી કરવામાં આવે છે. આવતીકાલ તા. ૧૩-૩-૨૫ ગુરૂવારનાં રોજ હુતાશણી પર્વ પણ ભાવભેર ઉજવવામાં આવશે. હુતાસણી મહોત્સવની ઉજવણીમાં રબારી સમાજ, ગાંધીગ્રામની જનતા તેમજ સી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં સાથ સહકાર દર વર્ષે મળે છે. અને પરંપરાગત રીતે હુતાસણી પર્વ ઉજવવામાં આવે છે. અને તે અંગેની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ડાયાભાઈ પટેલ, રામાભાઈ મોરી (ભુવાજી), ડાયાભાઈ અમરાભાઈ મોરી, નિલેશભાઈ ભોજાભાઈ મોરી, નાથાભાઈ મોરી, રાજુભાઈ ડાયાભાઈ મોરી, હીરાભાઈ વાંદા, ભીમાભાઈ રાડા, રાજુભાઈ બધાભાઈ મોરી, હાજાભાઈ મોરી તેમજ રબારી સમાજનાં કાર્યકર્તાઓ દ્વારા ભારે જહેમતન ઉઠાવવામાં આવી રહી છે. આવતીકાલે તા. ૧૩-૩-૨૫ ગુરૂવારનાં હુતાસણી પર્વ નિમિત્તે ૫૧ હજાર છાણાની હુતાસણી પ્રગટાવવામાં આવશે. આ હુતાસણીનાં દર્શન કરવા માટે જૂનાગઢની જનતા તેમજ ગાંધીગ્રામની જનતાને આયોજકો તરફથી ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે તેમ વીરાભાઈ મોરીની એક યાદીમાં જણાવેલ છે.


**ગેસ સ્ટવ રીપેરીંગ અને સર્વિસ કરી આપશું**

કન્સીલ્ડ ગેસ ચુલા, ચીમની, ગેસ ગીઝર તેમજ ગેસ સ્ટવ રીપેરીંગ અને સર્વિસ કરી આપશું. તેમજ ગેસ ગીઝર / ગેસ સ્ટવ લાઈનમાં કન્વર્ટ કરી આપશું.

**મો. ૮૮૬૬૨ ૫૭૫૩૬**

# વન્યપ્રાણી પરિભ્રમણ વિસ્તારમાં વન્ય પ્રાણીઓ માટે જોખમરૂપ ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવા જરૂરી

## વન્ય પ્રાણી પરિભ્રમણ વિસ્તારમાં ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવા માટે પારાપેટ હોલ બાંધવા ગુજરાત સરકાર દ્વારા ૯૦ ટકા સબસીડી, ખેડૂતોને યોજનાનો લાભ લેવા અનુરોધ

જૂનાગઢ, તા.૧૨

વિશ્વમાં એશિયાઈ સિંહનું એકમાત્ર નિવાસ સ્થળ ''ગીર'' છે. ગુજરાતનું ગૌરવ એશિયાઈ સિંહ સૌરાષ્ટ્રના ૨૦,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં મુક્તપણે પરિભ્રમણ કરે છે. જેના સંરક્ષણમાં વન વિભાગની સાથે સાથે સૌરાષ્ટ્રના લોકોનો પણ ખૂબ જ મોટો ફાળો રહેલો છે. સ્થાનિક લોકોના સહકારને કારણે આજે ગીર સંરક્ષિત વિસ્તાર, સિંહોની વસ્તીના સંરક્ષણ અને માનવીય પ્રભુત્વ ધરાવતી જગ્યા ઉપર પણ સિંહની વસ્તીમાં વધારો દર્શાવતી એક અદભુત સફળ ગાથા બની છે. આ અવિરત પ્રયાસનો લાભ લઈને સિંહો હવે જોખમની બહાર આવી ગયા છે, અને અગાઉ જ્યાંથી તેઓ નામશેષ થઈ ગયા હતા તેવા વિસ્તારોમાં પણ પોતાની વસાહતો પુનઃસ્થાપિત કરી છે.

સિંહની અત્યાર સુધીની જીવન સફર ખરેખર ખૂબ જ કપરી રહી છે, પરંતુ જંગલના રાજા એશિયાઈ સિંહોએ કપરા સમયમાંથી ઉભરીને સિંહ પ્રજાતિ ખરેખર જંગલનો રાજા હોવાનું સાબિત કરી દીધું છે અને તેથી જ ગીર જંગલ માત્ર પારસ્પરિક મહત્વતા નથી ધરાવતો પરંતુ તે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને નૈતિક મૂલ્યોની દ્રષ્ટિએ પણ ગુજરાતના લોકોના હૃદય સ્થાનમાં બિરાજે છે. જેનું જતન કરવું તે વન વિભાગના સ્ટાફની સાથે ગુજરાતની ગૌરવંતી પ્રજાની પણ ફરજ છે. જેથી વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોના વન વિભાગને સહકાર તથા સહાયક બનવા માટે જાણ કરવામાં આવે છે.

વન્યપ્રાણી અવરજવર વાળા વિસ્તારોમાં ખેડૂતોને પાક રક્ષણ માટે ઈલેક્ટ્રીક શોક ન મૂકવા માટે નમ્ર અપીલ કરવામાં આવે છે. ઈલેક્ટ્રીક શોકના કારણે વન્ય પ્રાણીઓની સાથે સાથે ઘણી વખત તેમના કીંમતી પશુઓ તેમજ લોકોનો પણ ભોગ બનવો સામે આવેલ છે, માટે ખેતર ફરતે ઈલેક્ટ્રીક શોક ન મૂકવો જોઈએ. ઉપરાંત વન્યપ્રાણી પરિભ્રમણ વિસ્તારમાં વન્ય પ્રાણીઓ માટે જોખમરૂપ ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવા જોઈએ. આ ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવા માટે ગુજરાત સરકારની હાલમાં ચાલતી ખુલ્લા કુવા પારાપેટ હોલ બાંધી સુરક્ષિત કરવા અંગેની યોજના જેમાં ૯૦% સબસીડી સરકાર તરફથી આપવામાં આવે છે. જેનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે. રેવન્યુ વિસ્તારમાં પરપ્રાંતીય લોકો રહેતા હોય છે, જે મૂળ શિકારી પ્રવૃત્તિથી ટેવાયેલા હોય છે. આવા કોઈ શંકાસ્પદ કે શિકારી પ્રવૃત્તિઓ ધ્યાને આવે તો નજીકના વન વિભાગની કચેરી અથવા તો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૦૭૮૯ અથવા ૧૯૨૬ ઉપર સંપર્ક કરવા નાયબ વન સંરક્ષક ગીર પશ્ચિમ વિભાગ દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં જીલ્લા કક્ષાની પશુપાલન શિબિર કમ પ્રદર્શનનો ૩૦૦થી વધુ પશુપાલકોએ લાભ લીધો

## પશુપાલનના ચાર મુખ્ય આધાર સ્તંભો પશુપસંદગી, પશુસંવર્ધન, પશુઆરોગ્ય અને પશુપોષણ તથા પશુમાવજત વિશે નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન



જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ જિલ્લાના પશુપાલકો માટે પશુપાલન ખાતુ ગુજરાત રાજ્ય, જિલ્લા પંચાયત જૂનાગઢ, પશુદવાખાના જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે તેમજ જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન નીચે ''જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર કમ પ્રદર્શન''નુ આયોજન જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમરની અધ્યક્ષતામા કરવામાં આવ્યુ હતું.

આ શિબિરમાં જૂનાગઢ, મેંદરડા, વંથલી, વિસાવદર તાલુકના ૩૦૦થી વધુ પશુપાલકોએ ભાગ લીધો હતો. શિબિરમાં આધુનિક ઢબે પશુપલાન કરવા સફળ પશુપાલનના ચાર મુખ્ય આધાર સ્તંભો પશુપસંદગી, પશુસંવર્ધન, પશુઆરોગ્ય અને પશુપોષણ તથા પશુમાવજતની સાથે પશુપાલનને સફળ બનાવવા સરકારની પશુપાલનની સહાયકારી યોજનાઓ વિશે નાયબ પશુપાલન નિયામક, ડો દિલીપ પાનેરા, મદદનીશ પશુપાલન નિયમાક ડો.એ.પી.ગજેરા, નિવૃત મદદનીશ પશુપાલન નિયામક આર.બી.સાવલીયા, નાયબ પશુપાલન નિયામક ડો.ચિરાગ રાંક, નાયબ પશુપાલન નિયામક ડો.ઉમરેટીયા, નાયબ પશુપાલન નિયામકશ્રી ડો.અપારનાથી, વગેરે દ્વારા ઉપસ્થિત પશુપાલકોને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર દ્વારા તેમના પ્રેરણાત્મક ઉદ્બોધનથી ઉપસ્થિત તમામને આધુનિક ઢબે પશુપાલન થકી આર્થિક રીતે સમૃદ્ધ થવા, પશુપાલકોની આવક બમણી કરવા તેમજ ગૌપાલનથી ઉર્જાવાન બનવા આહવાન કર્યુ હતું. આ સાથે શિબિરના સફળ આયોજન માટે પશુપાલન ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મુકેશભાઈ કણસાગરાએ ખેતી સાથે આધુનિક ઢબે પશુપાલન કરવા તેમજ સ્વતંત્ર વ્યવસાય તરીકે અપનાવવા અપીલ કરી હતી. ઉપરાંત પશુપાલન અંગેની અધ્યતન માહિતી મેળવવા નજીકની પશુ સારવાર સંસ્થાનો સંપર્ક કરવા પણ જાણાવ્યુ હતું.


આ શિબિરનું સફળ આયોજન જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, જિલ્લા કલેકટર અનિલ રાણાવસિયા અને જિલ્લા વિકાસ અધિકરી નિતિન સાંગવાનની સૂચના તેમજ જિલ્લા પશુપાલન ખેતી સહકાર સિંચાઈ સમિતિના અધ્યક્ષા શ્રીમતી આરતીબેન હિતેશભાઈ જાવીયાના માર્ગદર્શનમાં કરવામાં આવ્યુ હતુ.

આ જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર કમ પ્રદર્શન પ્રસંગે જૂનાગઢ મહાનગરપાલિકા મેયર ધર્મેશભાઈ પોશીયા, જિલ્લા પંચયત સદસ્ય પ્રવિણભાઈ પટોળીયા, અનકભાઈ ભોજક, કાન્તીભાઈ ગજેરા, જોલીતભાઈ બુશા, તાલુકા પંચાયત પ્રમુખ ગોવિંદભાઈ સોલંકી, તાલુકા પંચાયતના સદસ્ય શ્રીમતી મંજુલાબેન ઢોરલરીયા, કેસરીયા ગૌ શાળાના સંચાલક કાન્તીભાઈ સહિતના મહાનુભાવો આ શિબીરમાં હાજર રહી પશુપાલકોને માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ.

શિબિરને સફળ બનાવવા જૂનાગઢ તાલુકા પશુચિકિત્સા અધિકારી ડો. એસ. બી. દુધાત્રા, જૂનાગઢ તાલુકા પશુપાલન ટીમ દ્વારા ખાસ જહેમત ઉઠાવી હતી ઉપરાંત આ સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન ડો. જુહી ચોહાણ દ્વારા કરવામાં આવ્યુ હતું.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિલવાસામાં નમો હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું

## ભારતનો પ્રથમ એઆઈ સંચાલિત ની-રિપ્લેસમેન્ટ રોબોટ-મિસો



(પ્રતિનિધિ દ્વારા)

સિલવાસા, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાદરા અને નગર હવેલીના સિલવાસા ખાતે નમો હોસ્પિટલનુ ઉદ્ઘાટન કર્યું છે. આ હોસ્પિટલમાં પ્રથમ તબક્કામાં ૪૫૦ બેડની સુવિધા હશે. રૂ. ૪૬૦ કરોડના ખર્ચે તૈયાર આ હોસ્પિટલ એડવાન્સ મેડિકલ સેવાઓ પ્રદાન કરવા સજ્જ અદ્યતન હેલ્થકેર ઈન્સ્ટીટ્યૂશન છે. વડાપ્રધાને જાહેર સેવાઓમાં વધારો તેમજ આરોગ્યની ઝડપી સુવિધાઓના ભાગરૂપે રૂ. ૨૫૦૦ કરોડની વિવિધ જાહેર કલ્યાણ પરિયોજનાઓની પણ જાહેરાત કરી છે. જેમાં નવી હોસ્પિટલ્સ, શાળાઓ અને મહત્ત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહેલ સમાવિષ્ટ છે. મુલાકાત દરમ્યાન પીએમ મોદીએ અપકમિંગ હોસ્પિટલના ૩ડી મોડલની સમીક્ષા કરી હતી. તેમજ તેના અદ્યતન મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વખાણ કર્યા હતાં. આ કાર્યક્રમમાં આકર્ષણનું કેન્દ્ર મિસો **(Misso)** રોબોટ રહ્યો હતો. મેરિલના સીઈઓ શ્રી વિવેક શાહ દ્વારા ની-રિપ્લેસમેન્ટ સર્જરી માટે સજ્જ ભારતનો પ્રથમ એઆઈ સંચાલિત રોબોટ મિસો રજૂ કરવામાં આવ્યો હતો. મેરિલના સીઈઓ વિવેક શાહે આ અંગે જણાવ્યું હતું કે, 'મેરિલ ખાતે અમે વર્લ્ડ-ક્લાસ ટેક્નોલોજી સાથે ઈનોવેટિવ વિકસાવવા પ્રતિબદ્ધ છીએ. જે સર્જિકલ પ્રિસિઝનમાં જ નહીં, પરંતુ ક્લિનિકલ રિઝલ્ટમાં સુધારો અને દર્દીની રિકવરીમાં પણ સુધારો કરે છે. એડવાન્સ મેડિકલ ટેકનોલોજીમાં આત્મનિર્ભરતા તરફના ભારતના પ્રવાસમાં મિસોએ નોંધનીય સફળતા અપાવી છે.' આ અદ્યતન ટેકનોલોજી ભારતમાં ઓર્થોપેડિક સર્જરીમાં ક્રાંતિ લાવવા માટે તૈયાર છે, જે વધુ ચોકસાઈપૂર્વક પરિણામો આપે છે અને દર્દીઓના પરિણામો સુધારો કરે છે. વડાપ્રધાને ભારતના હેલ્થકેર સેકટરને આગળ ધપાવવા ઈનોવેશન અને તકનીકી પ્રગતિમાં ઊંડી રૂચિ વ્યક્ત કરી છે. તેમણે ઉચ્ચ-ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ વધુ સુલભ બનાવવા માટે સ્વદેશી તબીબી તકનીકના મહત્વ પર ભાર મૂક્યો હતો. નમો હોસ્પિટલનું લોન્ચિંગ ભારતની મેડિકલ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. તે દેશની વર્લ્ડ ક્લાસ હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રત્યેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે.

# ડો.સુભાષ યુનિવર્સિટીના ઈલેકિટ્રકલ ડીપાર્ટમેન્ટ દ્વારા બેટરી સંચાલિત વાહનો માટેનો વર્કશોપ યોજાયો



જૂનાગઢ, તા.૧૨

તાજેતરમાં ડો.સુભાષ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ એન્જીનીયરીંગના ઈલેક્ટ્રિકલ ડીપાર્ટમેન્ટ દ્વારા ગુજરાતની ખ્યાતનામ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ **GERMI, Gandhinagar** તથા **GEDA** ના સંયુક્ત ઉપક્રમે બેટરી સંચાલિત વાહનો માટેનો વર્કશોપ યોજાઈ ગયો. જેમાં ૧૧૦ જેટલા વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્કશોપનો મૂળ હેતુ વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત વાહનોની ટેક્નોલોજી થી અવગત કરાવવાનો તથા ભારત અને ગુજરાત રાજયના ૨૦૪૭ સુધીના ઈલેક્ટ્રિક વીહીકલ માટેના પ્રયાસો સાથેના પ્લાનિંગની માહિતી આપવાનો હતો.

આ તકે આવનારા વર્ષોમાં ઈલેક્ટ્રીક વાહનો માટેના માર્કેટમાં રોજગાર માટેની અખુટ તકો અને તેમના માટે જોઈતી સ્કીલ આ બન્ને મુદ્દાઓ પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ની સફળતા બદલ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી રાજભાઈ ચાવડા તેમજ પ્રોવોસ્ટ ડો. દીપક પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

# કોડીનાર તાલુકા અને શહેર યુવા બ્રહ્મસમાજની રચના

## બ્રહ્મસમાજનાં વિકાસ અને પ્રગતિ માટે કાર્ય કરશે યુવાનો




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૨

ગીર સોમનાથ જિલ્લા બ્રહ્મસમાજ પ્રમુખ તુષારભાઈ પંડ્યાના અધ્યક્ષસ્થાને કોડીનાર ખાતે બ્રહ્મસમાજની અગત્યની બેઠક મળી હતી. આ બેઠકમાં કોડીનાર તાલુકા અને શહેર બ્રહ્મસમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમાજનાં વિકાસ અને શિક્ષણ,વ્યાપાર અને સામાજિક કામગીરી સંદર્ભે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. કોઈપણ સામાજિક કાર્યમાં યુવા શક્તિનું અનેરૂ યોગદાન હોય છે.આથી યુવા બ્રહ્મસમાજની કારોબારીની રચના કરવામાં આવી હતી.બ્રહ્મ વડીલોનાં આશીર્વાદ સાથે કોડીનાર તાલુકા યુવા બ્રહ્મસમાજની રચના કરવામાં આવી હતી.જેના પ્રમુખ પદે નિડર, નિષ્ઠાવાન,હર હંમેશ સમાજનાં કાર્યમાં ખડે પગે રહેનાર બાહોશ યુવાન પાર્થભાઈ પુરોહિતની તથા ઉપપ્રમુખ પદ પર શાંત, શાલીન અને હંમેશા સમાજ માટે ચિંતિત એવા જયદીપભાઈ પંડ્યાની વરણી કરવામાં આવી હતી.આ બંને યુવાનોની રાહબરી નીચે વિવિધ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી જેમાં હિમાંશુ જાની - મહામંત્રી, હાર્દિક જોશી - સંગઠન મંત્રી,કેવમ સ્માર્ટ - મંત્રી, દેવ પુરોહિત - ખજાનચી તેમજ કરણ પુરોહિત, રવિ ચટ, હર્ષ પંડ્યા, નિશાંત જોશી, સમીર જોશી, કૃષ્ણપ્રસાદ જાની, ધર્મેશ પાઠક આ તમામની કારોબારી સભ્ય તરીકે વરણી કરવામાં આવી હતી. આ તકે બ્રહ્મસમાજના અગ્રણીઓ બીપીનભાઈ ઉપાધ્યાય, બીપીનભાઈ જાની, ડો.રાજેશ ઉપાધ્યાય, આર્કિટેક્ટ બીરેન્દ્ર પાંડે, મુકેશભાઈ મહેતા, જનાર્દનભાઈ ઉપાધ્યાય, જીજ્ઞેશભાઈ પાઠક, ભરતભાઈ જોશી સહિતનાં બ્રહ્મ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અત્યાધુનિક ટેક્નોલોજીની મદદથી થઈ રહ્યું છે બૃહદ ગીરનું સંરક્ષણ

## વન્યજીવોની દેખરેખ અને સલામતી માટે અત્યાધુનિક સર્વેલન્સ અને સ્પીડ મોનિટરિંગ સિસ્ટમ કાર્યરત




ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના બૃહદ ગીર વિસ્તારના સંરક્ષણ અને પર્યાવરણનું જતન કરવા માટે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિઝનરી કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેમણે કડક કાયદાઓ, નિયમો અને યોજનાઓ અમલમાં મૂકી હતી જેને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અત્યારે સુપેરે આગળ ધપાવી રહ્યા છે. આ કામગીરીના પરિણામે છેલ્લા દોઢ દાયકાથી વન્ય પ્રાણીઓ માટે ગુજરાત વધુ સુરક્ષિત રાજય બન્યું છે, જે ગુજરાત માટે ગૌરવની બાબત છે. વન્ય પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિઓ અંગે લોકજાગૃતિની સાથે તેમનું સંરક્ષણ-સંવર્ધન થઈ શકે તેવી પ્રવૃતિઓ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. એક મહત્વપૂર્ણ બાબત અત્યાધુનિક ટેક્નોલોજીને આ કામગીરીમાં સામેલ કરવાની છે.

વન્યજીવ સંરક્ષણના વિવિધ પાસાઓનું સંચાલન કરવામાં વૈજ્ઞાનિક દેખરેખ અને સંશોધન મહત્વપૂર્ણ છે. આ દિશામાં આગળ વધતા, વર્ષ ૨૦૧૯માં ગીરમાં અત્યાધુનિક મોનિટરિંગ યુનિટ બનાવવામાં આવ્યું છે.

**હાઇટેક મોનિટરિંગ યુનિટ : પ્રાણીઓ અને પક્ષીઓની રેડિયો ટેલિમેટ્રી સ્ટડી અને સર્વેલન્સ**

આ હાઈટેક મોનિટરિંગ યુનિટના માધ્યમથી માંસાહારી પ્રાણીઓ અને ગીર વિસ્તારના પક્ષીઓનું રેડિયો ટેલિમેટ્રી સ્ટડી કરવામાં આવે છે. તે સિવાય વાયરલેસ કમ્યુનિકેશન, માઈક્રોચિપ ડેટાસેટ તેમજ સફારીના વાહનો અને અંદર અને બહાર જવાના પોઈન્ટ્સનું સર્વેલન્સ પણ કરવામાં આવે છે. રેડિયો ટેલિમેટ્રી સ્ટડીમાં પ્રાણીઓની મુવમેન્ટ અને તેમની વર્તણૂંકનો રેડિયો ટ્રાન્સમિટરના માધ્યમથી અભ્યાસ કરવામાં આવે છે.

**સ્પીડ મોનિટરિંગ સિસ્ટમ : અભ્યારણ્ય નજીકના રસ્તાઓ ઉપર ટ્રાફિક મેનેજમેન્ટ**

સંરક્ષિત વિસ્તાર પાસેથી પસાર થતા રસ્તાઓ પર વાહનો સાથે પ્રાણીઓ અથડાય નહિ તે હેતુથી આધુનિક સ્પીડ મોનિટરિંગ સિસ્ટમ પણ વિકસિત કરવામાં આવી છે. આ સેન્સર આધારિત મોનિટરિંગ પ્રણાલી છે જે થર્મલ કેમેરા ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે. આ સિસ્ટમ પસાર થતા વાહનોની ગતિને માપે છે જેને એલઈડી પર રજૂ કરીને ડ્રાઈવરને એલર્ટ કરવામાં આવે છે.

એએનપીઆર ટેક્નોલોજી પસાર થતા વાહનોની લાઈસન્સ પ્લેટનું રીડિંગ કરીને વાહનોની ઓળખ સરળતાથી કરી આપે છે. થર્મલ કેમેરા પ્રાણીઓ અને ચીજોની હિટ સિગ્નેચરની ઓળખ કરે છે. આ ટેક્નોલોજીની મદદથી ખરાબ હવામાન અને ઓછા પ્રકાશમાં પણ વન્યજીવોની મુવમેન્ટ જાણવામાં મદદ મળે છે.

વાહનની માહિતી, વન્યજીવોની ઉપસ્થિતિ સહિતની જરૂરી માહિતીને કન્ટ્રોલ સેન્ટર અને ફોરેસ્ટ ચેક પોસ્ટ ઉપર મોકલવામાં આવે છે જેના લીધે સંવેદનશીલ રસ્તાઓ ઉપર વન્યજીવોના અકસ્માતને અટકાવવામાં મદદ મળી છે.

# રિલાયન્સ ઈંડસ્ટ્રીઝ દ્વારા દ્વારકાના પદયાત્રીઓની સેવા માટે પ્રતિ વર્ષની માફક સેવાયજ્ઞ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧૨

હોળી ધુળેટી નિમિત્તે જગત મંદિર દ્વારકા ખાતે યોજાતા ફુલડોલ ઉત્સવમાં સામેલ થવા સમગ્ર ગુજરાત અને રાજય બહારથી મોટી સંખ્યામાં ભાવિકો પદયાત્રા કરીને દ્વારકા આવતા હોય છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજભાઈ નથવાણીના માર્ગદર્શનમાં પ્રતિ વર્ષની માફક ચાલુ વર્ષે પણ દ્વારકા જવાના રસ્તા પર તારીખ ૬ માર્ચથી રિલાયન્સ ટાઉનશીપની સામે 'પદયાત્રી સેવા કેમ્પ' શરૂ કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં પદયાત્રીઓ માટે ભોજન- પ્રસાદ, ચા -કોફી નાસ્તાની સુવિધા ઉપરાંત ડોક્ટર અને દવા સાથેની તબીબી સારવાર અને એમ્બ્યુલન્સની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. ભાઈઓ તથા બહેનો માટે અલગ અલગ વિશ્રામની વ્યવસ્થા, ટોયલેટની સુવિધા તથા મોબાઈલ ચાર્જિંગની સગવડનું પણ અહીં આયોજન થયું હતું. રાત્રે અંધારામાં પદયાત્રા ચાલુ રાખનારા ભાવિકોને સંભવિત અકસ્માત રોકવા માટે તેમના સામાન પર કે અન્યત્ર રિફ્લેક્ટર લગાવી આપવામાં આવ્યાં હતાં, જેનાથી પાછળથી આવતા વાહનચાલકો સચેત રહે. છેલ્લા એકાદ દશક કરતાં વધુ સમયથી નિયમિત રીતે યોજાતા આ કેમ્પમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના કર્મચારીઓ ઉપરાંત આસપાસના ગામોના યુવાનો, વડીલો તથા બહેનો સતત ૨૪ કલાક પોતાના સમયદાનની સેવા આપીને બધાની તીર્થયાત્રા સલામત રીતે પરિપૂર્ણ નીવડે તેવા પૂરતા પ્રયાસો કરે છે. ઉલ્લેખનીય છે કે રિલાયન્સ દ્વારા આયોજિત આ પદયાત્રી સેવા કેમ્પનો ચાલુ વર્ષે અંદાજે સવા લાખ કરતાં ભાવિક ભક્તજનોએ લાભ લીધો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# યુદ્ધ અટકાવવાનો હેતુ જરૂરી

યુક્રેન-રશિયા યુદ્ધ રોકવાની તેજ કવાયત પર બધાની નજર ટકેલી છે, તો એ સુખદ પણ છે અને સ્વાગતયોગ્ય પણ છે. અસલમાં આ જનદબાણ જ છે જે યુદ્ધ વિરુદ્ધ સક્રિય છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હોય કે રશિયન રાષ્ટ્રપતિ પુતિન કે યુક્રેની રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી, આ ત્રણેય નેતા ક્યાંકને ક્યાંક યુદ્ધમાંથી નીકળવાનો રસ્તો શોધી રહ્યા છે. દુનિયામાં નવી વાત એ થઈ કે અમેરિકાથી સહયોગ લીધા વિના યુરોપીય દેશ મળીને યુદ્ધ રોકવાની સન્માનજનક રાહ શોધી રહ્યા છે. લંડનમાં યુક્રેન રક્ષા શિખર સંમેલન બાદ બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે સ્પષ્ટ કહ્યું છે કે યુરોપીય રાષ્ટ્ર ઈતિહાસના ચૌટે ઊભેલો છે અને તેમણે એ સમજવું જોઈએ કે આ માત્ર સંવાદ નહીં, બલ્કે કાર્યવાહી કરવાનો સમય છે.

ખરખર યુદ્ધ રોકવાનો સન્માનજનક રસ્તો શોધવો આજે સમયની માંગ છે. ડોનાલ્ડ ટ્રમ્પ ઈચ્છે છે કે યુક્રેન ખુદ આગળ વધીને યુદ્ધ રોકવાની ઘોષણા કરે, પરંતુ યુદ્ધને એવી રીતે રોકવું અનુચિત રહેશે. આ યુદ્ધથી યુક્રેનને પણ બહુ નુક્સાન થયું છે અને આ યુદ્ધ વાસ્તવમાં રશિયાએ જ શરૂ કર્યું હતું. હવે જો યુક્રેન પોતાના તરફથી યુદ્ધ રોકવાની ઘોષણા કરે તો તે તેનું અપમાન ગણાશે, સાથે જ ઝેલેન્સ્કીના તમામ નિર્ણયો પર સવાલ ઉઠવા લાગશે.

તેથી અમેરિકાથી અલગ યુરોપીય દેશોના નેતૃત્વ દ્વારા યુદ્ધ રોકવા માટે ચાર ચરણવાળી યોજનાની ઘોષણા વિચારણીય છે. યુક્રેનની સુરક્ષા બહાલ કરતાં એ જરૂરી છે કે યુદ્ધના વિરોધમાં સમાન વિચાર ધરાવતા દેશોનો એક સમૂહ બને. ઉલ્લેખનીય વાત છે કે જ્યારે યુક્રેનને આર્થિક મદદ આપવાથી અમેરિકા પાછળ હટવા લાગ્યં છે, ત્યારે યુરોપીય દેશો યુક્રેન માટે આર્થિક વ્યવસ્થા કરવાના પક્ષધર છે. બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે યોગ્ય જ કહ્યું છે કે દરેક દેશે પોતાની રીતે યુદ્ધ રોકવામાં સહયોગ આપવો જોઈએ. કેનેડા સહિત યુરોપીય દેશોના લગભગ ૧૯ નેતાઓની આ વિશેષ બેઠકમાં ઝેલેન્સ્કી પણ હાજર હતા. જે તાકાત તેમને અમેરિકામાં ન મળી, તે લંડનમાં મળી છે. આ બદલાતા દોરનો સંકેત છે. હંમેશાં લંડનને અમેરિકાનું પિઠ્ઠુ રૂપે જોવામાં આવ્યું છે. પરંતુ દાયકાઓ બાદ એવું થયું છે કે લંડને અલગ રસ્તો પસંદ કર્યો છે. તે ઝેલેન્સ્કી સાથે ઊભું છે. આ તમામ દેશો મળીને યુક્રેનને સૈન્ય સહાયતા જારી રાખશે. રશિયા પર આર્થિક દબાણ વધારશે. ગત દિવસોમાં દુનિયાએ જોયં કે ટ્રમ્પે યદ્ધ રોકવાની કવાયતમાં યુક્રેનની જ ઉપેક્ષા કરી દીધી હતી, આ ભૂલને ફ્રાન્સ, ઈંગ્લેન્ડ જેવા દેશોએસુધારી દીધી છે. વિશ્વના હિતમાં આ સુધાર જરૂરી છે.

એ બહુ દુઃખદ છે કે પહેલાં અમેરિકાના નેતૃત્વમાં યુક્રેનને યુદ્ધ લડવા પ્રેરિત કરવામાં આવ્યું. યુક્રેનને નાટોમાં સામેલ કરવા માટે અમેરિકા પણ ઉતાવળું હતું, જ્યારે યુક્રેનના નાટોમાં સામેલ થવાની કોશિશે જ રશિયાને હુમલા માટે ઉશ્કેર્યું. બંને દેશ ત્રણ વર્ષથી યુદ્ધ લડી રહ્યા છે. તેમાં શંકા નહીં કે હાર-જીતનો ફેંસલો બહુ અસહજ અને મુશ્કેલ છે, તેથી આવા યુદ્ધ વિરામની જરૂરછે, જેથી કોઈ દેશ અપમાનિત ન થાય અને ના કોઈ દેશ જીતના ગર્વથી ભરાઈ જાય. હવે સમય આવી ગયો છે, પુતિનને પણ યુદ્ધ રોકવા માટે માનવીય દૃષ્ટિનો પરિચય આપવો જોઈએ. તેમણે ઈમાનદારીથી સમજવું પડશે કે ત્યાં લડવા માટે જવાનોની અછત થવા લાગી છે. અમેરિકા માટે જરૂરી છે કે તે દુનિયામાં એક અવિશ્વસનીય સહયોગ રૂપે ઓળખ ન બનાવે. સૌથી જૂના લોકતાંત્રિક દેશ અમેરિકા પ્રત્યે જો અવિશ્વાસ વધ્યો તો દુનિયા બહુ નુકસાનમાં રહેશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

બીજાની ટીટા-નિંદા ન કરો.

- સ્વામી રામતીથ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા. મહેર-૧૩૯૪, મુ. રમજાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, ફાગણ સુદ-૧૩ છ ગાઉની યાત્રા (જૈન) તા.૧૨ માર્ચ ૨૦૨૫, બુધવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૧૧, મઘા નક્ષત્ર, સુકર્મા યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૦૫, સૂ.અ.૬:૫૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.


- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું. દિવસ દરમિયાન આળસ અનુભવાય.
વૃષભ: નોકરી-ધંધામાં સાનુકૂળતા રહે. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.
મિથુન: પ્રવાસ-મુસાફરી થાય. શુભ સમાચાર મળે.
કર્ક: આર્થિક સુખમાં વધારો થાય. યશ, પ્રતિષ્ઠા વધે.
સિંહ: કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ આવે. આરોગ્ય અંગે સંભાળવું.
કન્યા: મિલ્કતનો પ્રશ્ન ઉકેલાય. મહેનતનું શુભ ફળ મળે.
તુલા: ચિંતાને કારણે બેચેની રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.
વૃશ્ચિક: અકારણ દોડા-દોડી રહે. મનમાં મૂંઝવણ રહે.
ધન: પડવા-વાગવાથી સંભાળવું. શત્રુવર્ગથી સાવધાની રાખવી.
મકર: નાણાંકીય રોકાણ કરવાનું આજના દિવસ પૂરતું ટાળવું. ગૃહવિવાદ.
કુંભ: નોકરી ધંધામાં ધાર્યો લાભ મળે. રોકાયેલા નાણાં છૂટા થાય.
મીન: મનનું ધાર્યું થાય. આનંદ ઉત્સાહ વધે.

### અત્યાધુનિક ટેક્નોલોજીની મદદથી થઈ રહ્યું છે બૃહદ ગીરનું સંરક્ષણ

# વન્યજીવોની દેખરેખ અને સલામતી માટે અત્યાધુનિક સર્વેલન્સ અને સ્પીડ મોનિટરિંગ સિસ્ટમ કાર્યરત





ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતના બૃહદ ગીર વિસ્તારના સંરક્ષણ અને પર્યાવરણનું જતન કરવા માટે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિઝનરી કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેમણે કડક કાયદાઓ, નિયમો અને યોજનાઓ અમલમાં મૂકી હતી જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અત્યારે સુપેરે આગળ ધપાવી રહ્યા છે. આ કામગીરીના પરિણામે છેલ્લા દોઢ દાયકાથી વન્ય પ્રાણીઓ માટે ગુજરાત વધુ સુરક્ષિત રાજ્ય બન્યું છે, જે ગુજરાત માટે ગૌરવની બાબત છે.

વન્ય પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિઓ અંગે લોકજાગૃતિની સાથે તેમનું સંરક્ષણ-સંવર્ધન થઈ શકે તેવી પ્રવૃતિઓ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. એક મહત્વપૂર્ણ બાબત અત્યાધુનિક ટેક્નોલોજીને આ કામગીરીમાં સામેલ કરવાની છે.

વન્યજીવ સંરક્ષણના વિવિધ પાસાઓનું સંચાલન કરવામાં વૈજ્ઞાનિક દેખરેખ અને સંશોધન મહત્વપૂર્ણ છે. આ દિશામાં આગળ વધતા, વર્ષ ૨૦૧૯માં ગીરમાં અત્યાધુનિક મોનિટરિંગ યુનિટ બનાવવામાં આવ્યું છે.

આ હાઈટેક મોનિટરિંગ યુનિટના માધ્યમથી માંસાહારી પ્રાણીઓ અને ગીર વિસ્તારના પક્ષીઓનું રેડિયો ટેલિમેટ્રી સ્ટડી કરવામાં આવે છે. તે સિવાય વાયરલેસ કમ્યુનિકેશન, માઈક્રોચિપ ડેટાસેટ તેમજ સફારીના વાહનો અને અંદર અને બહાર જવાના પોઈન્ટ્સનું સર્વેલન્સ પણ કરવામાં આવે છે. રેડિયો ટેલિમેટ્રી સ્ટડીમાં પ્રાણીઓની મુવમેન્ટ અને તેમની વર્તણૂંકનો રેડિયો ટ્રાન્સમિટરના માધ્યમથી અભ્યાસ કરવામાં આવે છે.

સંરક્ષિત વિસ્તાર પાસેથી પસાર થતા રસ્તાઓ પર વાહનો સાથે પ્રાણીઓ અથડાય નહિ તે હેતુથી આધુનિક સ્પીડ મોનિટરિંગ સિસ્ટમ પણ વિકસિત કરવામાં આવી છે. આ સેન્સર આધારિત મોનિટરિંગ પ્રણાલી છે જે થર્મલ કેમેરા ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે. આ સિસ્ટમ પસાર થતા વાહનોની ગતિને માપે છે જેને એલઈડી પર રજૂ કરીને ડ્રાઈવરને એલર્ટ કરવામાં આવે છે. એએનપીઆર ટેક્નોલોજી પસાર થતા વાહનોની લાઈસન્સ પ્લેટનું રીડિંગ કરીને વાહનોની ઓળખ સરળતાથી કરી આપે છે. થર્મલ કેમેરા પ્રાણીઓ અને ચીજોની હિટ સિગ્નેચરની ઓળખ કરે છે. આ ટેક્નોલોજીની મદદથી ખરાબ હવામાન અને ઓછા પ્રકાશમાં પણ વન્યજીવોની મુવમેન્ટ જાણવામાં મદદ મળે છે.

વાહનની માહિતી, વન્યજીવોની ઉપસ્થિતિ સહિતની જરૂરી માહિતીને કન્ટ્રોલ સેન્ટર અને ફોરેસ્ટ ચેક પોસ્ટ પર મોકલવામાં આવે છે જેના લીધે સંવેદનશીલ રસ્તાઓ પર વન્યજીવોના અકસ્માતને અટકાવવામાં મદદ મળી છે.

## જૂનાગઢ આદર્શનગરમાં આવેલ જયશ્રી રામ ધુન મંડળ દ્વારા હુતાશણીની ઉજવણી થશે

(પ્રકાશ ભાદરકા દ્વારા)

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રમાં હુતાશણી અને ધુળેટી પર્વની ઉત્સાહમય રીતે ઉજવણી કરવા માટે તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે. જૂનાગઢ શહેરમાં પણ જોષીપરાનાં આદર્શનગર-૨માં રામજી મંદિર ખાતે હુતાશણી પર્વની ઉજવણી કરવામાં આવશે. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર શહેરનાં જોષીપરા આદર્શનગર-૨ વિસ્તારમાં આવેલા જયશ્રી રામ ધુન મંડળ દ્વારા રામજી મંદિરે વર્ષ દરમ્યાન આવતા તહેવારો ગણેશ ઉત્સવ, નવરાત્રી, જન્માષ્ટમી, હનુમાન જયંતિ સહીતનાં તહેવારોની ભાવભેર ઉજવણી કરવામાં આવે છે. આવતીકાલ તા. ૧૩-૩-૨૫ ગુરૂવારનાં રોજ હુતાશણી પર્વ પણ ભાવભેર ઉજવવામાં આવશે. હુતાશણી મહોત્સવમાં આજુબાજુનાં વિસ્તારનાં લોકોનો સાથ સહકાર દર વર્ષે મળે છે. અને પરંપરાગત રીતે હુતાશણી પર્વ ઉજવવામાં આવે છે. અને તે અંગેની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જયશ્રી રામ ધુન મંડળનાં કાર્યકર્તાઓ દ્વારા ભારે જહેમતન ઉઠાવવામાં આવી રહી છે. આવતીકાલે તા. ૧૩-૩-૨૫ ગુરૂવારનાં હુતાશણી પર્વ નિમિત્તે હુતાશણી પ્રગટાવવામાં આવશે. આ હુતાશણીનાં દર્શન કરવા માટે જૂનાગઢની જનતા તેમજ જોષીપરાની જનતાને આયોજકો તરફથી ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જૂનાગઢના હર્ષદનગરના મારૂતીનગરમાં અગાઉના મનદુઃખે હુમલો : સામસામી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢના હર્ષદનગર વિસ્તારમાં આવેલ મારૂતીનગરમાં અવાર નવાર થતી માથાકુટના મનદુઃખે મારામારી થતા સામસામે ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે રજાકભાઈ બોદુભાઈ ચૌહાણે હનીફ અલ્લારખા હાલા, મહમદ હાલા, સરફરાજ હાલા, ફારૂક હાલા, રહેમાબેન હાલા અને ઝરીયાબેન હાલા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી તથા સાહેદ રોશનીબેન તેના ઘર પાસે બેઠા હોય દરમ્યાન આરોપીઓએ આવી ફરીયાદીને ડોક પકડી માર મારવા લાગેલ, સાહેદ રોશનીબેનને શરીરે નખ મારી ઢીકાપાટુનો મારમારી, છુટા પથ્થરના ઘા કરી સાહેબને મુંઢ ઈજાઓ કરી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવેલ જયારે સામાપક્ષે હનીફ અલ્લારખા હાલાએ રજાકભાઈ, બબલી ઉર્ફે રોશની અને બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ કે, આરોપી ફરીયાદીની બાજુમાં ભાડેથી રહેતા હોય અને અવાર નવાર ફરીયાદી સાથે બોલાચાલી કરી માથાકુટ કરતા હોય જે બાબતે આરોપીઓએ ફરીયાદીને લોખંડના કોઈ બોથડ પદાર્થથી મુંઢ ઈજાઓ કરી, ફરીયાદીની ભત્રીજી તથા ફરીયાદીના ભાઈની પત્નીને ઢીકાપાટુનો મારમાર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રઘુવંશી સખી સહિયર વૃંદ દ્વારા હોળીના રસીયાનો કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

કોઈપણ જાતની સભ્ય ફી લીધા વિના " રઘુવંશી સખી સહિયર વૃંદ ચેતનાબેન મિશ્રાણીના માર્ગદર્શન નીચે ચાલતી મહિલા સંસ્થા છે જેમાં અવારનવાર ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક કાર્યક્રમો થતા રહે છે. જેમાં હોળીના રસીયાનું આયોજન રાયજીનગર સ્થિત લક્ષ્મીનારાયણ મંદિર ખાતે કરવામાં આવેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં મહિલા ભક્તોએ લાભ લીધો તથા આનંદ ઉલ્લાસથી વ્રજમાં હોળી કેમ રમાય તેવા પદો બોલવામાં આવ્યા હતા. અંતમાં વિશાલભાઈ સેજપાલ તથા હિતેશભાઈ સેજપાલએ ધાણી-દાળિયા તથા ચેવડાના પ્રસાદનું આયોજન કરેલું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા જસુમતીબેન ગંગદેવ તથા ચેતનાબેન મિશ્રાણી તથા ભાવનાબેન અઢિયા તથા કનકબેન રૂપારેલીયા રહ્યા હતા. પ્રિયાબેન ઠાકરના ગ્રુપે રસીયાની રંગત જમાવેલ તથા તેઓને ચેતનાબેન મિશ્રાણી તથા લક્ષ્મીનારાયણ મંડળના બહેનોએ ભેટ ન્યોછાવર કરી હતી. વિદ્વાન પૂજારી હાર્દિકભાઈ પુરોહિત દ્વારા સમગ્ર કાર્યક્રમનુંસમયસર સંચાલન કરવામાં આવેલ હતું. આરતીનો લાભ લઈ છુટા પડ્યા હતા.

## જામનગરની સિવિલ હોસ્પિટલમાં જન ઔષધિ દિવસની ઉજવણી કરાઈ




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૨

જામનગરમાં આવેલી સિવિલ હોસ્પિટલ ખાતે સ્થિત ઈન્ડીયન રેડક્રોસ સંચાલિત પ્રધાન મંત્રી ભારતીય જન ઔષધી કેન્દ્ર સીવિલ હોસ્પિટલ જામનગરમાં જન ઔષધિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વર્તમાન સમયમાં આરોગ્ય અને દવાઓનો ખર્ચ સામાન્ય નાગરિકો માટે ચિંતાનું કારણ બનવા પામ્યું છે. ત્યારે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ગુણવત્તાયુક્ત દવાઓ ઓછામાં ઓછા ભાવે ઉપલબ્ધ કરાવવા કેન્દ્ર સરકાર દ્વારા શરુ કરાયેલ "પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના" આશીર્વાદરૂપ સિદ્ધ થઈ રહી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ છેલ્લા ૧૦ વર્ષમાં આવા કેન્દ્રોની સંખ્યામાં ૧૮૦ ગણો વધારો થયો છે અને વેચાણમાં પણ ૨૦૦ ગણો વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૧૪ માં માત્ર ૮૦ કેન્દ્રો સાથે શરૂ થયેલ આ યાત્રામાં આજે સમગ્ર દેશમાં ૧૫,૦૦૦ અને ગુજરાતમાં ૭૫૦ જન ઔષધિ કેન્દ્રો કાર્યરત છે.

આ કાર્યક્રમમાં જામનગરના સુપ્રિ. ત્રિવેદી, ડીન ડો. નંદિનીબેન દેસાઈ તથા ભાવિનભાઈ કંસાગરા, અલ્પેશભાઈ અગ્રાવત, ધર્મેશભાઈ વડવાળા, ડો. દિપક તિવારી, ડો. સક્સેના તથા તેમની ટીમ તથા કેન્દ્રના ફાર્માસિસ્ટ મિતલબેન, કિંજલબેન અને ભૌતિકભાઈ દ્વારા લોકોને જન ઔષધી અંગે જાગૃત કરાયા હતા.

## ચેમ્પિયન્સ ટ્રોફી : આ બાબતો ઈતિહાસમાં આલેખાશે

### કોહલીનો જવાબ

પોતાના ટેસ્ટ ફોર્મને લઈને ટીકાનો શિકાર બનેલા વિરાટ કોહલીએ પાકિસ્તાન સામે ૧૦૦ રન બનાવીને બધાને ચૂપ કરી દીધા હતા. સેમીફાઈનલમાં પણ તેણે ૮૪ રન બનાવીને પોતાને 'ચેઝ માસ્ટર' સાબિત કરી દીધા હતા.

### બટલરે કેપ્ટનશીપ છોડી

ઓસ્ટ્રેલિયા સામે ઈંગ્લેન્ડે ૩૫૧ રન બનાવ્યા, છતા હાર્યું. અફઘાનિસ્તાન સામેની હારથી તેઓ ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયા. આ પછી જોસ બટલરે ત્રણેં ઝઝ ટૂર્નામેન્ટમાં સતત ખરાબ પ્રદર્શનને કારણે હૈં કેપ્ટનશીપ છોડી દીધી.

### સ્ટીવ સ્મિથની નિવૃત્તિ

ઓસ્ટ્રેલિયન દિગ્ગજ ખેલાડી સ્ટીવ સ્મિથે સેમીફાઈનલમાં ભારત સામે હાર્યા બાદ હૈં ક્રિકેટને અલવિદા કહી દીધું. ૩૫ વર્ષીય સ્મિથે ૭૩ રનની ઈનિંગ રમી હતી, પરંતુ તે જીતી શક્યો નહોતો. બીજી તરફ રોહિત શર્માએ સ્પષ્ટતા કરી હતી કે હાલમાં તેનો નિવૃત્તિ લેવાનો કોઈ ઈરાદો નથી.

### પાકિસ્તાનની ફિક્કી યજમાની

૩૦ વર્ષ પછી પાકિસ્તાને કોઈ મોટી ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું, પરંતુ ભારતના બહિષ્કાર અને ટીમના ખરાબ પ્રદર્શને ચાહકોને નિરાશ કર્યા હતા. એક ચાહકે તેની નિરાશા વ્યક્ત કરી અને તેને 'એવા લગ્ન જણાવ્યા જ્યાં કન્યા અને વરરાજાનો અતોપતો ન હતો.

### ગ્લેન ફિલિપ્સ બન્યો 'સુપરમેન'

ન્યૂઝીલેન્ડના ગ્લેન ફિલિપ્સે પોતાની અદ્ભુત ફિલ્ડિંગથી બધાને ચોંકાવી દીધા હતા. ગ્રુપ મેચમાં કોહલીનો કેચ હોય કે ફાઈનલમાં ગિલનો કેચ હોય, ફિલિપ્સે ઉડીને બોલ કેચ કર્યો હતો. સોશિયલ મીડિયા પર તેની સરખામણી 'સુપરમેન' સાથે કરવામાં આવી હતી.

## ખંભાળિયામાં જિલ્લા એડવાઈઝરી કમિટીની બેઠક યોજાઈ



જામ ખંભાળિયા, તા. ૧૨

સમાજમાં પુરૂષ અને સ્ત્રીનું પ્રમાણ સમતોલ જળવાઈ રહે તે હેતુથી સરકાર દ્વારા "પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ, ૧૯૯૪" દ્વારા ઘડવામાં આવ્યો છે. પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટનું જિલ્લા દેવભૂમિ દ્વારકામાં ક્ષતિરહિત અમલીકરણ થાય તે હેતુથી સામાજીક કાર્યકર ડો. કાશ્મિરાબેન રાયઠઠાના અધ્યક્ષ સ્થાને જિલ્લા એડવાયઝરી કમિટીની બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં હોસ્પિટલોના રીન્યુઅલ રજીસ્ટ્રેશન, સોનોગ્રાફી મશીનના રજીસ્ટ્રેશન અને તબીબોને સોનોગ્રાફી મશીનના ઉપયોગ કરવા માટે મળેલ અરજીઓ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા સોનોગ્રાફી સેન્ટરોની સ્થળ તપાસણી અંગે રજુ કરેલ અહેવાલો વંચાણે લઈ સોનોગ્રાફી સેન્ટર ખાતે એકટના અમલીકરણ તેમજ જિલ્લાના જાતિ પ્રમાણદર બાબતે સમિક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં સમિતિના સભ્યો તેમજ ખંભાળિયાની સરકારી હોસ્પિટલના તબીબી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોક્ત એકટ અંતર્ગત નોંધાયેલ સરકારી કે બિનસરકારી ડોકટરોને પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ હેઠળ થયેલી જોગવાઈઓ અને નિયમોના ચુસ્તપણે અમલીકરણ કરવા જિલ્લા દેવભૂમિ દ્વારકાના જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરિટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.સી.બી. ચોબીસા દ્વારા સૂચન કરવામાં આવ્યું છે.

## મોંઘવારી દરથી પણ વધુ ઝડપથી વિમાન યાત્રા ભાડામાં વધારો : ઈંધણ સસ્તુ થયું પણ હવાઈ યાત્રા સસ્તી ન થઈ



નવી દિલ્હી તા.૧૨

અગાઉ વિમાન યાત્રાનું ભાડુ તહેવારો અને ખાસ પ્રસંગે વધતું હતું પણ હવે સામાન્ય દિવસોમાં વિમાન યાત્રા મોંઘી થઈ ગઈ છે. હાલના વર્ષોમાં ભાડામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. જે સામાન્ય મોંઘવારી દરથી પણ વધુ છે. ઈંધણની કિંમતોમાં ઘટાડો છતાં વિમાન યાત્રા ભાડુ ન ઘટતા યાત્રીઓ પર વધારાનો બોજ વધી રહ્યો છે. સરકારના આંકડા મુજબ વિમાન ભાડાના દરો પહેલા મોંઘવારી દરથી ઓછા વધ્યા હતા પણ કોરોના બાદ ભાડામાં તેજી આવી અને ત્યારથી આ મોંઘવારી દરથી પણ વધુ ઝડપથી વધી રહ્યા છે.

વિમાન ભાડાનાં વધારા માટે હંમેશા વિમાન ઈંધણ (એટીએફ) ની કિંમતોને કારણ માનવામાં આવે છે. પણ હાલના આંકડા બતાવે છે કે ગત દોઢ વર્ષમાં એટીએફની કિંમતો ઘટી છે તેમ છતાં ભાડા સ્થિર છે. અગાઉ ઈંધણની કિંમતો ઘટવાથી ભાડુ ઘટી જતુ હતું.

એની પાછળનું કારણ એ પણ હોઈ શકે કે દેશમાં ઈન્ડીગો, એર ઈન્ડીયા જેવી કંપનીઓનો દબદબો છે. જેથી હરિફાઈ ઓછી થઈ ગઈ છે.

# રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ ગુરૂ જંભેશ્વર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહ્યા



હિસાર તા.૧૨
રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ હરિયાણાના હિસારમાં ગુરૂ જંભેશ્વર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ કહ્યું કે, યુવા પેઢીને બદલાતી વૈશ્વિક માંગણીઓ મુજબ તૈયાર કરવા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે પડકારરૂપ કાર્ય છે. દેશના સંતુલિત અને સતત વિકાસ માટે તે પણ જરૂરી છે કે શિક્ષણ અને ટેકનોલોજીના લાભો ગામડાઓ સુધી પહોંચે. આ સંદર્ભમાં ગુરૂ જંભેશ્વર યુનિવર્સિટી જેવી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા છે. તેમણે એ જાણીને આનંદ થયો કે આ યુનિવર્સિટીમાં નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે. તેમણે તે છાત્રોને આગ્રહ કર્યો કે તેઓ પોતાના ગામ અને શહેરના લોકોને શિક્ષણના મહત્વથી વાકેફ કરાવે અને તેમને સારૂ શિક્ષણ મેળવવા માટે પ્રેરિત કરે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં કરવામાં આવતા વિશ્વ કક્ષાના સંશોધન ભારતને વૈશ્વિક જ્ઞાન મહાશક્તિ તરીકે સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમને એ જાણીને આનંદ થયો કે તેના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ વિવિધ સંશોધન અને સંશોધન પ્રોજેક્ટ્સમાં ઘણી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમાં ઈન્ક્યુબેશન, સ્ટાર્ટ-અપ, પેટન્ટ ફાઈલિંગ અને સંશોધન પ્રોજેક્ટ્સ માટે વિશેષ વિભાગો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ બધા પ્રયાસો વિદ્યાર્થીઓમાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતાની ભાવના વિકસાવશે અને ભારતને વૈશ્વિક જ્ઞાન મહાશક્તિ બનાવવામાં મદદ કરશે. રાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓને કહ્યું કે શિક્ષણ ફક્ત જ્ઞાન અને કૌશલ્ય પ્રાપ્ત કરવાનું માધ્યમ નથી. શિક્ષણ એ માનવીમાં નૈતિકતા, કરુણા અને સહિષ્ણુતા જેવા જીવન મૂલ્યો વિકસાવવાનું પણ એક માધ્યમ છે. શિક્ષણ વ્યક્તિને રોજગારીને યોગ્ય બનાવે છે સાથે જ સામાજિક જવાબદારીઓ પ્રત્યે જાગૃત બનાવે છે. તેમણે કહ્યું કે ઉદ્યોગસાહસિકતા વિદ્યાર્થીઓને સામાજિક જવાબદારીઓ પૂર્ણ કરવામાં મદદ કરી શકે છે. ઉદ્યોગસાહસિક માનસિકતા તેમને તકો ઓળખવા, જોખમ લેવા અને હાલની સમસ્યાઓના સર્જનાત્મક ઉકેલો શોધવા સક્ષમ બનાવશે. એક ઉદ્યોગસાહસિક તરીકે, તેઓ તેમના નવીન વિચારો દ્વારા સામાજિક સમસ્યાઓના ઉકેલો શોધી શકે છે અને સમાજની પ્રગતિમાં ફાળો આપી શકે છે. તેમણે વિદ્યાર્થીઓને રોજગાર મેળવવાની માનસિકતાને બદલે રોજગાર ઉત્પન્ન કરવાની માનસિકતા અપનાવવાનો આગ્રહ કર્યો. તેમણે કહ્યું કે આ માનસિકતા સાથે આગળ વધીને તેઓ તેમના જ્ઞાન અને કુશળતાનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે વધુ સારી રીતે કરી શકશે અને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં યોગદાન આપી શકશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ગુરૂ જંભેશ્વરજી, જેમના માનમાં આ યુનિવર્સિટીનું નામકરણ કરવામાં આવ્યું છે તેઓ એક મહાન સંત અને દાર્શનિક હતા. તેઓ વૈજ્ઞાનિક વિચારસરણી, નૈતિક જીવનશૈલી અને પર્યાવરણીય સંરક્ષણના પ્રખર હિમાયતી હતા. તેઓ માનતા હતા કે પ્રકૃતિનું રક્ષણ કરવું, બધા જીવો પ્રત્યે કરૂણા અને દયા રાખવી અને તેમને રક્ષણ પૂરૂ પાડવું એ માનવીની નૈતિક જવાબદારી છે. આજે જ્યારે આપણે પર્યાવરણીય સમસ્યાઓના ઉકેલ શોધવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, ત્યારે ગુરૂ જંભેશ્વરજીના ઉપદેશો ખૂબ જ સુસંગત છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ યુનિવર્સિટીના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ગુરૂ જંભેશ્વરજી દ્વારા બતાવેલા માર્ગ ઉપર ચાલીને સમાજ અને દેશની પ્રગતિમાં યોગદાન આપતા રહેશે.

# બેંક ઓફ કેનેડા, બેંક ઓફ ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ગવર્નર; માર્ક કાર્ની બનશે કેનેડાના નવા વડાપ્રધાન

## કેનેડામાં પહેલી વાર રાજકીય પૃષ્ઠભૂમિ વગરનો બહારનો વ્યક્તિ વડાપ્રધાન બનશે

ટોરોન્ટો તા.૧૨
જસ્ટિન ટ્રૂડો એ આખરે હવે કેનેડાના વડાપ્રધાન પદને અલવિદા કહી દીધું છે; બેંક ઓફ કેનેડા અને બેંક ઓફ ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ગવર્નર માર્ક કાર્ની કેનેડાની શાસક લિબરલ પાર્ટીના નવા નેતા તરીકે ચૂંટાયા છે. આ સાથે, તેઓ દેશના આગામી વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. તેઓ જસ્ટિન ટ્રૂડોનું સ્થાન લેશે, જેમણે આ વર્ષની શરૂઆતમાં પદ પરથી રાજીનામું આપ્યું હતું. ૫૯ વર્ષીય માર્ક કાર્નીએ સભ્યોના ૮૬ ટકા મત મેળવ્યા છે. રાજકારણમાં નવા આવેલા કાર્નેએ દલીલ કરી હતી કે તેઓ પક્ષને પુનર્જીવિત કરવા અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વેપાર વાટાઘાટોનું નેતૃત્વ કરવા માટે સૌથી યોગ્ય છે, જે કેનેડાના નિકાસ-આધારિત અર્થતંત્રને નુકસાન પહોંચાડી શકે તેવા વધારાના ટેરિફની ધમકી આપી રહ્યા છે. કેનેડામાં આ પહેલી વાર છે જ્યારે કોઈ રાજકીય પૃષ્ઠભૂમિ વગરનો બહારનો વ્યક્તિ વડાપ્રધાન બનશે. કાર્નેએ કહ્યું કે બે G7 સેન્ટ્રલ બેંકોના ગવર્નર તરીકે સેવા આપનારા પ્રથમ વ્યક્તિ તરીકેનો તેમનો અનુભવ તેમને ટ્રમ્પ સાથે વ્યવહાર કરવા માટે સૌથી યોગ્ય બનાવે છે. માહિતી અનુસાર, કેનેડાના આગામી વડાપ્રધાન માર્ક કાર્ની ક્યારેય કોઈ ચૂંટાયેલા પદ પર રહ્યા નથી. કાર્ની સંસદના સભ્ય પણ નથી. કાર્ની કઈ બેઠક ઉપરથી ચૂંટણી લડશે તે હજુ સુધી જાહેર થયું નથી. જોકે, તેમણે જાહેરાત કરી છે કે તેઓ આગામી ચૂંટણીમાં હાઉસ ઓફ કોમન્સની બેઠક માટે પ્રચાર કરશે. હાલમાં કેનેડાના વડાપ્રધાન તરીકે જસ્ટિન ટ્રૂડોએ તેમનું છેલ્લું ભાષણ આપ્યું હતુ. તેમના વિદાય ભાષણમાં, ટ્રૂડોએ લોકોને દેશના ભવિષ્યમાં જોડાયેલા રહેવા વિનંતી કરી. લિબરલ પાર્ટીના સભ્યોની ભીડને સંબોધતા, ટ્રૂડોએ તેમના કાર્યકાળ ઉપર ગર્વ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, "મને ખોટો ન સમજો, છેલ્લા ૧૦ વર્ષમાં આપણે જે સિદ્ધિઓ હાંસલ કરી છે તેના પર મને ખૂબ ગર્વ છે. પરંતુ આજની રાત એક પક્ષ તરીકે, એક દેશ તરીકે આપણા ભવિષ્ય વિશે છે." તેમણે આર્થિક ચિંતાઓને સંબોધિત કરી, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓનો સૂક્ષ્મ ઉલ્લેખ કર્યો. જસ્ટિન ટ્રૂડોએ વધુમાં કહ્યું હતું કે, "આપણે એક એવો દેશ છીએ જ્યાં જ્યારે પણ લડવું પડશે, ત્યારે આપણે આગળ વધીને લડીશું." તેમણે વર્તમાનને રાષ્ટ્ર-નિર્ધારિત ક્ષણ તરીકે વર્ણવ્યું અને કહ્યું કે લોકશાહી અને સ્વતંત્રતા માટે સતત પ્રયાસની જરૂર છે. "તે માટે હિંમત, બલિદાન, આશા અને સખત મહેનતની જરૂર પડે છે. આપણે છેલ્લા ૧૦ વર્ષમાં પ્રાપ્ત કરેલી બધી કેટલીક બાબતો પર ધ્યાન કેન્દ્રિત ન કરવું જોઈએ. તેના બદલે, આપણે આગામી ૧૦ વર્ષો અને આવનારા દાયકાઓમાં વધુ પ્રાપ્ત કરવા માટે પ્રેરિત થવું જોઈએ"

# કર્મચારી પેન્શન યોજના (ઈપીએસ-૯૫) હેઠળ મળતા લાભો

નવી દિલ્હી તા. ૧૨
એમ્પ્લોઈઝ પેન્શન સ્કીમ (ઈપીએસ-૯૫) આકસ્મિક પરિસ્થિતિઓના વ્યાપક પરિપ્રેક્ષ્યને આવરી લેતા વ્યાપક લાભો પ્રદાન કરે છે, જે સભ્યો અને તેમના પરિવારોને વૃદ્ધાવસ્થા દરમિયાન સામાજિક સુરક્ષાની ખાતરી આપે છે. ઈપીએસ હેઠળ ઉપલબ્ધ પેન્શન અને ઉપાડના લાભોની વિવિધ કેટેગરીઓ નીચે મુજબ છે: ૫૮ વર્ષની ઉંમરે નિવૃત્ત થવા ઉપર સભ્ય પેન્શન. ●૫૦ વર્ષની ઉંમરથી પ્રારંભિક સભ્ય પેન્શન. ● સેવા દરમિયાન કાયમી અને સંપૂર્ણ વિકલાંગતા પર વિકલાંગતા પેન્શન. ●સભ્ય કે પેન્શનરના મૃત્યુ પર વિધવા/વિધુર પેન્શન. ● ચિલ્ડ્રન પેન્શન સભ્યના મૃત્યુ પર ૨૫ વર્ષની ઉંમર સુધી એક સાથે ૨ બાળકો માટે પેન્શન. ●જ્યારે સભ્યનો જીવનસાથી ન હોય અથવા જીવનસાથીનું મૃત્યુ થાય ત્યારે ૨૫ વર્ષની ઉંમર સુધી એક સાથે ૨ અનાથોને અનાથ પેન્શન. ●વિકલાંગ બાળક/અનાથ બાળકના સમગ્ર જીવન માટે વિકલાંગ બાળકો/અનાથ પેન્શન. ● સભ્યના મૃત્યુ પર નોમિની પેન્શન અને ઈપીએસ, ૧૯૯૫ હેઠળ વ્યાખ્યાયિત કર્યા મુજબ કુટુંબ ન હોય તેવા કિસ્સામાં સભ્ય દ્વારા યોગ્ય રીતે નામાંકિત વ્યક્તિને આજીવન ચૂકવણી કરવામાં આવે છે. ●સભ્યના મૃત્યુ પર આશ્રિત પિતા/માતાને પેન્શન, જો કોઈ સભ્યનો પરિવાર કે નોમિની ન હોય તો. ●જો સભ્યએ સેવાને પેન્શન માટે પાત્રતા ન આપી હોય તો સેવામાંથી બહાર નીકળવા પર અથવા નિવૃત્તિ પર ઉપાડનો લાભ. કર્મચારી પેન્શન યોજના (ઈપીએસ-૯૫) હેઠળ લાભ મેળવનારા પેન્શનર્સની કુલ સંખ્યાની વર્ષવાર વિગતો નીચે મુજબ છે:

| વર્ષ | ઈપીએસ-૯૫ હેઠળ કુલ પેન્શનર્સ |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૬૬૮૨૭૧૭ |
| ૨૦૨૦-૨૧ | ૬૯૧૯૮૨૩ |
| ૨૦૨૧-૨૨ | ૭૨૭૩૮૯૮ |
| ૨૦૨૨-૨૩ | ૭૫૫૮૯૧૩ |
| ૨૦૨૩-૨૪ | ૭૮૪૯૩૩૮ |

કેન્દ્રીય શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી સુશ્રી શોભા કરંદલાજેએ આજે લોકસભામાં એક લેખિત જવાબમાં આ જાણકારી આપી હતી.

## આઈપીએલના ભૂતપૂર્વ પ્રમુખ લલિત મોદીને વધુ એક મોટો ઝટકો

# વનુઆતુના વડાપ્રધાન જોથમ નાપટે નાગરિકતા આયોગને લલિત મોદીનો પાસપોર્ટ રદ કરવા માટે આદેશ આપ્યો



(એજન્સી) તા.૧૨
આઈપીએલ શરૂ કરનાર લલિત મોદી ૧૫ વર્ષ પહેલા ભારતથી બ્રિટન ભાગી ગયો હતો. ભારત સતત તેના પ્રત્યાર્પણની માંગ કરી રહ્યું છે, અને કાનૂની લડાઈ પણ ચાલી રહી છે, પરંતુ હવે તેણે ભારતીય નાગરિકતાનો ત્યાગ કરવાનો નિર્ણય લીધો છે, અને જે દેશનું નાગરિકત્વ તેણે લીધું છે તે વનુઆતુની વસ્તી પુડુચેરી કરતા ઓછી છે, જેના કારણે કેસમાં નવો વળાંક આવ્યો છે. જોકે, તેઓ તેમના પર લાગેલા મની લોન્ડરિંગ અને કરચોરીના તમામ આરોપોને નકારે છે. તમને જણાવી દઈએ કે લલિત મોદીએ ૭ માર્ચે લંડન સ્થિત ભારતીય હાઈ કમિશનમાં પોતાનો પાસપોર્ટ સરેન્ડર કર્યો હતો. બાદમાં વિદેશ મંત્રાલયે પુષ્ટિ કરી કે લલિત મોદીએ પોતાનો પાસપોર્ટ જમા કરાવી દીધો છે. લલિત મોદીએ પોતાનો ભારતીય પાસપોર્ટ છોડી દીધો અને વનુઆતુની નાગરિકતા સ્વીકારી લીધી. પરંતુ હવે વનુઆતુના વડાપ્રધાને લલિત મોદીને એક મોટો ઝટકો આપ્યો છે. વનુઆતુના વડાપ્રધાન જોથમ નાપટે નાગરિકતા આયોગને લલિત મોદીનો પાસપોર્ટ તાત્કાલિક અસરથી રદ કરવા જણાવ્યું છે. પીએમએ કહ્યું હતું કે, મેં નાગરિકતા આયોગને લલિત મોદીનો વાનુઆતુ પાસપોર્ટ તાત્કાલિક રદ કરવાનો નિર્દેશ આપ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં, મને માહિતી મળી કે ઈન્ટરપોલે ન્યાયિક પુરાવાના અભાવે ભારત સરકાર દ્વારા લલિત મોદી અંગે મોકલવામાં આવેલી ચેતવણી નોટિસને બે વાર ફગાવી દીધી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વનુઆતુ પાસપોર્ટ રાખવો એ એક વિશેષાધિકાર છે, અધિકાર નહીં. આવી સ્થિતિમાં, અરજદારોએ ફક્ત માન્ય કારણોસર જ નાગરિકતા લેવી જોઈએ. વનુઆતુ ક્યાં આવેલું છે? વનુઆતુ દક્ષિણ પેસિફિક મહાસાગરમાં સ્થિત છે. અહીંની અર્થવ્યવસ્થા મુખ્યત્વે કૃષિ, પર્યટન, માછીમારી અને વિદેશી નાણાકીય સેવાઓ ઉપર આધારિત છે. વનુઆતુમાં રોકાણ આધારિત નાગરિકતા છે, એટલે કે અહીં નાગરિકતા રોકાણ કરીને મેળવી શકાય છે. અહીં સરકાર માટે પાસપોર્ટનું વેચાણ આવકનો મુખ્ય સ્ત્રોત છે. મીડિયા સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૫ સુધીમાં, વનુઆતુનો પાસપોર્ટ ૧૧૩ દેશોમાં વિઝા-મુક્ત પ્રવેશની મંજૂરી આપે છે. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ અનુસાર, વનુઆતુનો પાસપોર્ટ વિશ્વમાં (૧૯૯ દેશોમાંથી) ૫૧મા ક્રમે છે, જે સાઉદી અરેબિયા (૫૭), ચીન (૫૯) અને ઈન્ડોનેશિયા (૬૪) થી ઉપર છે. ભારત ૮૦મા સ્થાને છે. બીજી રસપ્રદ વાત એ છે કે વનુઆતુ એક ટેક્સ હેવન છે, જ્યાં તમારે કોઈ આવક, મિલકત કે કોઈપણ પ્રકારનો કોર્પોરેટ ટેક્સ ચૂકવવાની જરૂર નથી. છેલ્લા બે વર્ષમાં, ૩૦ શ્રીમંત ભારતીયોએ અહીં નાગરિકતા મેળવી છે, અને ચીનના લોકો નાગરિકતા લેવામાં સૌથી આગળ છે.

# છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી, કોંગ્રેસ નેતા ભૂપેશ બઘેલના પુત્ર ચૈતન્યના ઘરે ઈડીના દરોડા


ભિલાઈ તા.૧૨
એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ના અધિકારીઓએ આબકારી કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી, કોંગ્રેસ નેતા ભૂપેશ બઘેલના નિવાસસ્થાને અને તેમના પુત્ર ચૈતન્ય બઘેલના ઘરે દરોડા પાડ્યા છે. આ કાર્યવાહી હેઠળ ઈડીની ટીમે રાજ્યમાં કુલ ૧૫ સ્થળોએ તપાસ હાથ ધરી છે, જેમાં ભિલાઈના પદ્મનગર સ્થિત ભૂપેશ બઘેલનું નિવાસસ્થાન પણ સામેલ છે. આ ઘટનાએ રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે. ઈડીની ટીમ ભૂપેશ બઘેલના ભિલાઈ પદ્મનગર ખાતેના નિવાસસ્થાને પહોંચી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી છત્તીસગઢના વિવાદાસ્પદ દારૂ કૌભાંડ સાથે જોડાયેલી છે, જેમાં મની લોન્ડરિંગના ગંભીર આરોપો લાગ્યા છે. તપાસ દરમિયાન ચૈતન્ય બઘેલનું નામ સામે આવ્યું છે. આ દરોડા એ દારૂ કૌભાંડ કેસની ચાલી રહેલી તપાસનો એક ભાગ છે, જેમાં ઈડીએ પહેલાંથી જ ઘણી મોટી કાર્યવાહીઓ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈડી ના અધિકારીઓએ ચૈતન્ય બઘેલના પરિસરમાં પહોંચીને દસ્તાવેજોની તપાસ અને પુરાવાઓ એકત્ર કરવાનું શરૂ કર્યું છે. આ સાથે જ રાજ્યના અન્ય ૧૪ સ્થળોએ પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે, જે આ કેસ સાથે સંકળાયેલા અન્ય શંકાસ્પદોને લક્ષ્યમાં રાખે છે. આ કાર્યવાહીએ રાજકીય અને સામાજિક વર્તુળોમાં હલચલ મચાવી દીધી છે. આ કેસમાં અગાઉ મે ૨૦૨૪માં ઈડી દ્વારા મોટી કાર્યવાહી કરી હતી, જેમાં ભૂતપૂર્વ IAS અધિકારી અનિલ તુટેજા, રાયપુરના મેયર એજાઝ ઢેબરના ભાઈ અનવર ઢેબર સહિત અનેક આરોપીઓની સંપત્તિઓ જપ્ત કરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં કુલ ૨૦૫.૪૯ કરોડ રૂપિયાની મિલકતો પર કામચલાઉ જપ્તી લગાવાઈ હતી, જેમાં ૧૮ જંગમ અને ૧૬૧ સ્થાવર મિલકતોનો સમાવેશ થાય છે. આ મિલકતોમાંથી અનિલ તુટેજાની ૧૪ મિલકતો હતી, જેની કિંમત ૧૫.૮૨ કરોડ રૂપિયા હતી, જ્યારે અનવર ઢેબરની ૧૧૫ મિલકતોની કિંમત ૧૧૬.૧૬ કરોડ રૂપિયા આંકવામાં આવી હતી. આ ઉપરાંત, વિકાસ અગ્રવાલની ૩ મિલકતો જપ્ત થઈ, જેની કિંમત ૧.૫૪ કરોડ રૂપિયા હતી. અરવિંદ સિંહની ૩૩ મિલકતો પણ જપ્ત કરાઈ, જેનું મૂલ્ય ૧૨.૯૯ કરોડ રૂપિયા હતું. અરુણ પતિ ત્રિપાઠીની ૧.૩૫ કરોડ રૂપિયાની સંપત્તિ પણ ઈડીના હાથે લગાવાઈ હતી. આ તમામ જપ્તીઓ દારૂ કૌભાંડમાં થયેલી નાણાકીય ગેરરીતિઓના પુરાવા તરીકે ગણાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, છત્તીસગઢનું દારૂ કૌભાંડ એ ભૂપેશ બઘેલના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન ઉઠેલો એક મોટો વિવાદ છે. આ કેસમાં મોટા પાયે નાણાકીય ગેરવ્યવહારોના આરોપો લાગ્યા છે, જેની તપાસ ઈડી દ્વારા ઝીણવટથી કરવામાં આવી રહી છે. ચૈતન્ય બઘેલનું નામ સામે આવવું એ આ કેસમાં નવો વળાંક લાવ્યો છે, જે ભૂપેશ બઘેલની સીધી સંડોવણીની શક્યતાને પણ ઉજાગર કરે છે. ઈડીનું માનવું છે કે આ કૌભાંડમાંથી મળેલી રકમનો ઉપયોગ ગેરકાયદેસર રીતે કરવામાં આવ્યો હતો, અને તેની તપાસ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે.

## રવિન્દ્ર જાડેજાએ નિવૃત્તિ અંગેની અટકળોને નકારી કાઢી, કોઈ ખોટી અફવાઓ ઉપર ભરોસો કરવો નહિ

મુંબઈ તા.૧૨
આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ જીત્યા બાદ ટીમ ઈન્ડિયા અને ક્રિકેટના ચાહકો ખૂબ ઉત્સાહમાં આવી ગયા છે. ભારતીય ચાહકો માટે આ ખિતાબ બેવડી ખુશી લઈને આવ્યો છે, કારણ કે ટીમ ઈન્ડિયાએ માત્ર સતત બીજી ટુર્નામેન્ટ જીતી નથી, પરંતુ તેના પ્રિય ખેલાડીઓએ નિવૃત્તિની અફવાઓનો પણ પૂર્ણવિરામ મૂક્યું છે. ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ પોતાની નિવૃત્તિ અંગેની અટકળોને નકારી કાઢી છે. ફાઈનલમાં ટીમ ઈન્ડિયા માટે વિજયી ચોગ્ગો ફટકારનાર જાડેજાએ તાજેતરમાં પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ ઉપર એક પોસ્ટ પોસ્ટ કરી છે, જેમાં તેણે લખ્યું છે કે, 'બિનજરૂરી અફવા ન ફેલાવો, આભાર.' ત્યાર બાદ ચાહકોએ જાડેજાની નિવૃત્તિના સમાચારને નકારી કાઢ્યા છે અને ક્રિકેટ પ્રેમીઓમાં નવો ઉત્સાહ જોવા મળ્યો હતો.

# ઈ-શ્રમ પોર્ટલ ઉપર ૩૦.૬૮ કરોડથી વધારે અસંગઠિત કામદારોની નોંધણી; રજિસ્ટ્રેશનમાં મહિલાઓની સંખ્યા ૫૩.૬૮ ટકા છે

નવી દિલ્હી તા.૧૨
શ્રમ અને રોજગાર મંત્રાલયે ૨૬ ઓગસ્ટ, ૨૦૨૧નાં રોજ ઈ-શ્રમ પોર્ટલ (eshram.gov.in) લોંચ કર્યું હતું, જેનો ઉદ્દેશ આધાર સાથે સીડેડ અસંગઠિત કામદારો (એનડીયુડબલ્યુ)નો વિસ્તૃત રાષ્ટ્રીય ડેટાબેઝ તૈયાર કરવાનો છે. ઈ-શ્રમ પોર્ટલનો હેતુ અસંગઠિત કામદારોને સેલ્ફ-ડિક્લેરેશનના ધોરણે યુનિવર્સલ એકાઉન્ટ નંબર (યુએએન) પ્રદાન કરીને તેમની નોંધણી અને સહાય કરવાનો છે. ૩ માર્ચ ૨૦૨૫ ના રોજ, ૩૦.૬૮ કરોડથી વધુ અસંગઠિત કામદારોએ ઈ-શ્રમ પોર્ટલ ઉપર નોંધણી કરાવી છે, જેમાંથી અડધાથી વધુ મહિલાઓ (૫૩.૬૮%) છે. અસંગઠિત કામદારોને વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓ સુધી પહોંચવા માટે વન-સ્ટોપ સોલ્યુશન તરીકે ઈ-સ્ટોપ સોલ્યુશન તરીકે વિકસાવવા પર બજેટની જાહેરાતના વિઝનને ધ્યાનમાં રાખીને શ્રમ અને રોજગાર મંત્રાલયે ૨૧ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ ઈ-શ્રમ "વન-સ્ટોપ-સોલ્યુશન" શરૂ કર્યું હતું. ઈ-શ્રમ "વન સ્ટોપ સોલ્યુશન"માં એક જ પોર્ટલ એટલે કે ઈ-શ્રમ ઉપર વિવિધ સામાજિક સુરક્ષા/કલ્યાણકારી યોજનાઓના સંકલનનો સમાવેશ થાય છે. આનાથી ઈ-શ્રમ ઉપર નોંધાયેલા અસંગઠિત કામદારો સામાજિક સુરક્ષા યોજનાઓ સુધી પહોંચી શકે છે અને ઈ-શ્રમ દ્વારા અત્યાર સુધીમાં તેમના દ્વારા મેળવેલા લાભો જોઈ શકે છે. અત્યાર સુધીમાં વિવિધ કેન્દ્રીય મંત્રાલયો/વિભાગોની ૧૩ યોજનાઓને ઈ-શ્રમ સાથે સંકલિત/મેપ કરવામાં આવી છે, જેમાં પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ નિધિ (પીએમ-સ્વનિધિ), પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (પીએમએસબીવાય), પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમએસબીવાય), રાષ્ટ્રીય પરિવાર લાભ યોજના (એનએફબીએસ), મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી ધારો (મનરેગા), પ્રધાનમંત્રી આવાસ યોજના, ગ્રામીણ (પીએમએવાય-જી), પ્રધાનમંત્રી આવાસ યોજના, ગ્રામીણ (પીએમએવાય-જી) સામેલ છે. આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (એબી-પીએમજેએવાય), પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી (પીએમએવાય-યુ) અને પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (પીએમએમએસવાય), પ્રધાનમંત્રી કિસાન માન ધન યોજના (પીએમ-કેએમવાય). ઈ-શ્રમ પોર્ટલની સુલભતા વધારવા માટે શ્રમ અને રોજગાર મંત્રાલયે ભાષિની પ્લેટફોર્મનો ઉપયોગ કરીને ૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ઈ-શ્રમ પોર્ટલ પર બહુભાષી કામગીરી શરૂ કરી હતી. આ વૃદ્ધિથી હવે કામદારો ૨૨ ભારતીય ભાષાઓમાં ઈ-શ્રમ પોર્ટલ સાથે આદાનપ્રદાન કરી શકે છે, સુલભતામાં સુધારો કરી શકે છે અને તમામ માટે સર્વસમાવેશકતાને પ્રોત્સાહન મળશે. અસંગઠિત કામદારોને સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેવી ઈ-શ્રમ અને તેની સાથે સંકળાયેલી સેવાઓ માટે શ્રમ અને રોજગાર મંત્રાલયે ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ઈ-શ્રમ મોબાઈલ એપ્લિકેશન શરૂ કરી હતી. આ એપ્લિકેશન ઈ-શ્રમ સાથે સંકલિત કલ્યાણકારી યોજનાઓને વાસ્તવિક સમયની સુલભતા પ્રદાન કરે છે, જે સુલભતા અને સુવિધામાં નોંધપાત્ર સુધારો કરે છે.




અસંગઠિત કામદારોમાં જાગૃતિ વધારવા મંત્રાલયે લીધેલાં પગલાંમાં નીચેની બાબતો સામેલ છે:

●રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સમયાંતરે સમીક્ષા બેઠક યોજવી.

●કોમન સર્વિસીસ સેન્ટર (સીએસસી) સાથે નિયમિત બેઠક.

●રોજગારી અને કૌશલ્યની તકો પ્રદાન કરવા ઈ-શ્રમને રાષ્ટ્રીય કારકિર્દી સેવા (એનસીએસ) અને સ્કિલ ઈન્ડિયા ડિજિટલ પોર્ટલ સાથે સંકલિત કરવામાં આવી છે.

●પેન્શન યોજના હેઠળ નોંધણીની સુવિધા માટે ઈ-શ્રમને પ્રધાનમંત્રી શ્રમ યોગી માનદાન (પીએમએસવાયએમ) સાથે સંકલિત કરવામાં આવી છે.

●સરકારી યોજનાઓની વન-સ્ટોપ શોધ અને શોધ પ્રદાન કરવા માટે, ઈ-શ્રમને માયસ્કેમ પોર્ટલ સાથે સંકલિત કરવામાં આવ્યું છે.


●જાગૃતિ લાવવા માટે એસએમએસ ઝુંબેશ.

●ઈ-શ્રમ ઉપર રજિસ્ટ્રેશન કરાવવા માટે કામદારોમાં જાગૃતિ ફેલાવવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અસંગઠિત કામદારોની સહાયક મોડ રજિસ્ટ્રેશનની સુવિધા માટે રાજ્ય સેવા કેન્દ્રો (એસએસકે) અને કોમન સર્વિસ સેન્ટર્સની સેવાઓ ઓનબોર્ડ ઉપર મૂકવામાં આવી હતી.

●ઈ-શ્રમને યુનિફાઈડ મોબાઈલ એપ્લિકેશન ફોર ન્યૂ-એજ ગવર્નન્સ (ઉમંગ એપ) પર પણ ઓનબોર્ડ કરવામાં આવ્યું છે, જેથી કામદારોની પહોંચ વધે અને તેમના મોબાઈલની અનુકૂળતાએ નોંધણી/અપડેટની સુવિધા પૂરી પાડી શકાય.

# અદાણી ગ્રુપની APSEZનું ESG રેટિંગ સુધરીને 'નેગ્લિબલ', જોખમ દરમાં ઘટાડો

## સસ્ટેનાલિટીક્સના લો કાર્બન ટ્રાન્ઝિશન રેટિંગમાં પણ ટોચનું સ્થાન



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૨

અગ્રણી ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના નેતૃત્વ હેઠળના અદાણી ગ્રુપની કંપનીAPSEZ એટલે કે અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડનું ઈજીર (પર્યાવરણ, સામાજિક અને શાસન) જોખમ રેટિંગ સુધર્યું છે.સસ્ટેનાલિટીક્સે APSEZ નું રેટિંગ 'નીચા' જોખમ શ્રેણીથી વધારીને 'નકારાત્મક' જોખમ શ્રેણીમાં કર્યું છે. નવા રેટિંગમાંકંપનીનો જોખમ દર ૮.૫ અંદાજવામાં આવ્યો છે, જે પહેલા ૧૧.૩ હતો.

APSEZ ઉદ્યોગમાં રેન્કિંગમાં પણસુધારો થયો છે. મરીન પોર્ટ્સ પેટા-ઉદ્યોગમાં APSEZ નું રેન્કિંગ છઠ્ઠા સ્થાનથી બીજા સ્થાને પહોંચ્યું છે. ટ્રાન્સપોર્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગમાં કંપનીનું રેન્કિંગ પણ રેન્કિંગ સ્થાનથી સુધરીને ૧૨માં સ્થાને પહોંચી ગયું છે. ઉપરાંત, APSEZ સસ્ટેનાલિટીક્સના વૈશ્વિક રેન્કિંગમાં ટોચના ૫ પર્સન્ટાઈલથી ટોચના ૨ પર્સન્ટાઈલ કંપનીઓમાં સુધારો થયો છે.

ESG રેટિંગ નક્કી કરવામાં સસ્ટેનાલિટીક્સે વિવિધ મહત્વપૂર્ણ ESG પાસાઓનું વિશ્લેષણ કર્યું હતું, જેમાં કોર્પોરેટ ગવર્નન્સ, માનવ મૂડી, વ્યાવસાયિક આરોગ્ય અને સલામતી, સમુદાય સંબંધોઉત્સર્જન, ગંદા પાણી અને કચરાનું વ્યવસ્થાપન, હિસ્સેદાર શાસન, જમીનનો ઉપયોગ અને જૈવવિવિધતા વગેરેને ધ્યાને લેવામાં આવ્યા હતા.

APSEZ એ સસ્ટેનાલિટીક્સના લો કાર્બન ટ્રાન્ઝિશન રેટિંગમાં પણ ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. તે વૈશ્વિક નેટ ઝીરો લક્ષ્ય સાથે કંપનીના ઉત્સર્જનને માપે છે.

APSEZ દ્વારા૨૦૩૦ સુધીમાં ૧ બિલિયન ટન કાર્ગો હેન્ડલ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ લક્ષ્યાંક થકી મુખ્યત્વે ડોમેસ્ટિક કાર્ગોમાં ૧૨% ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ થવાની ધારણા છે, જ્યારે દક્ષિણપૂર્વ એશિયા, આફ્રિકા અને મધ્ય પૂર્વ જેવા મુખ્ય બજારોમાં સ્થાનિક ઓપરેટરો સાથે ભાગીદારી દ્વારા આંતરરાષ્ટ્રીય કાર્ગો પણ વૃદ્ધિ પામશે.

શ્રી રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર દ્વારા

# રઘુવંશી ડોકટર્સ યુવક-યુવતીઓ માટે ઓનલાઈન 'રઘુવંશી ડોકટર્સ પરીચય મેળો' યોજાશે


## સમગ્ર વિશ્વમાંથી અંદાજે ૧૫૦ થી વધુ લગ્નોત્સુક ડોકટર્સ રઘુવંશી યુવક-યુવતીઓ ભાગ લેશે

રાજકોટ તા. ૧૨

રઘુવંશી સમાજનાં વરિષ્ઠ સમાજ સેવક મનુભાઈ મીરાણી દ્વારા ૨૪ વર્ષથી લોહાણા સમાજનાં લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર (નિઃશુલ્ક) ચલાવવામાં આવે છે. આ ઉપરાંત દર રવીવારે સવારે ૧૦-૩૦ થી બપોરે ૧-૩૦ સુધી લોહાણા મહાજનવાડી, આદર્શ હોલ, સાંગણવા ચોક, રાજકોટ ખાતે નિઃશુલ્ક 'રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર' રાજકોટ લોહાણા મહાજનનાં સહકારથી ચલાવવામાં આવે છે.

મનુભાઈ મીરાણી સંચાલિત શ્રી રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર દ્વારા યુવક-યુવતીઓ માટે ઓનલાઈન શ્રી રઘુવંશી ડોકટર્સ પરીચય મેળાનું આયોજન અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના - રાજકોટનાં સહયોગ થી તા. ૧૩/૦૪/૨૦૨૫, રવિવારનાં રોજ કરાયું છે. ઉમરના મેચીંગ ગ્રુપ પ્રમાણે દરેક ઉમેદવારને પી.ડી.એફ. ઓનલાઈન ફાઈલ વ્હોટસએપમાં મળી જશે.

પી.ડી.એફ. ફાઈલ તૈયાર કરવાની હોવાથી નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરી દેવું ફરજીયાત છે. ''શ્રી રઘુવંશી ડોકટર્સ પંસદગી સમારોહ''ના વોટસએપ પર બાયોડેટા મોકલવા માટે મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), સંજયભાઈ કકક્કડ (મો. ૯૮૨૪૦ ૪૩૭૯૯) પર ડોકટર્સ લખી મોકલી આપવા વિનંતી કરાઈ છે. આ ઓનલાઈન પરીચય મેળામાં સમગ્ર વિશ્વમાંથી અંદાજે ૧૫૦ થી વધુ લગ્નોત્સુક ડોકટર્સ રઘુવંશી યુવક-યુવતીઓ ભાગ લેશે. નિઃશુલ્ક,ઓનલાઈન શ્રી રઘુવંશી ડોકટર્સ પરીચય મેળાનાં મોબાઈલ મેસેજ તમામ "શ્રી રઘુવંશી ડોકટર્સ ગ્રુપ" માં ફોરવર્ડ કરવા વિનંતી કરાઈ છે.



અત્યારસુધીમાં ૬૫ લગ્નોત્સુક ૪૫ દિકરીઓ, ૨૦ દિકરાઓએ આ ડોકટર્સ પરીચય મેળામાં પોતાનું નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાવી લીધેલ છે. સમગ્રપણે ૧૫૦ થી વધુ લગ્નોત્સુક યુવક-યુવતીઓ ભાગ લ્યે તેવી અપેક્ષા છે. 'શ્રી રઘુવંશી ડોકટર્સ પરીચય મેળા' ની વિશેષ માહિતી માટે મનુભાઈ મીરાણી (મો. ૯૪૨૮૪ ૬૬૬૬૩) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

'સુરક્ષિત તટ, સુરક્ષિત ભારત'

# સી.આઈ.એસ.એફ.ના ૫૬માં સ્થાપના દિન અંતર્ગત સાઈકલ રેલીનું દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગમન



(પ્રતિનિધિ દ્વારા)

જામખંભાળીયા તા. ૧૨

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ સી.આઈ.એસ.એફ.ના ૫૬માં સ્થાપના દિન અંતર્ગત 'સુરક્ષિત તટ, સુરક્ષિત ભારત'ના સૂત્ર સાથે સાયકલ રેલી યોજાઈ રહી છે. આ રેલી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળિયા તાલુકાના નાના માંઢા ગામ નજીક આરાધના ધામ ખાતે આવી પહોંચતા તા.૧૦ માર્ચ સાંજે ગ્રામજનો અને આગેવાનો દ્વારા રેલીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાત્રિ રોકાણ બાદ સવારે મહાનુભાવો દ્વારા રેલીને આરાધના ધામ ખાતેથી દ્વારકા માટે ફલેગ ઓફ કરાવવામાં આવી હતી. આ રેલી તા.૧૧ માર્ચના રોજ વડત્રા, લીંબડી, ચરકલા થઈને તા.૧૨ માર્ચ સવારે ૯ વાગ્યે દ્વારકા સ્વામિનારાયણ મંદિર ખાતે પહોંચશે. આ સાઈકલ રેલીને જિલ્લામાં વિવિધ સ્થળે વધાવવા તેમજ પ્રસ્થાન અને સાઈકલિસ્ટો માટીની અન્ય વ્યવસ્થાઓ માટે વાડીનાર સી.આઈ.એસ.એફ. યુનિટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડેપ્યુટી કમાન્ડન્ટ સર્વે વી.એસ. પ્રતિહાર, શ્રી અર્ચિત ખેતાન, આસિસ્ટન્ટ કમાન્ડન્ટ સર્વે હરિઓમ ગૌતમ, પ્રશાંત ચવાણ, શ્રી રામ મૂર્તિ કોંડલ, શ્રી સાઈનિકએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં પ્રાંત અધિકારી કે. કે. કરમટા, મામલતદાર વિક્રમ વરૂ, સ્થાનિક આગેવાનો, ગ્રામજનો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે, "કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ" કેન્દ્ર સરકાર હેઠળ ઔદ્યોગિક એકમોની સલામતી માટે રચવામાં આવેલું ખાસ દળ છે. પોલાદનાં કારખાનાં, કોલસાની ખાણો, તેલ-શુદ્ધીકરણ માટેનાં કારખાનાં, વીજળી (ઉત્પન્ન કરતાં) મથકો, બંધો, એરપોર્ટ, દરિયાઈ બંદરો, પરમાણુ અને અંતરિક્ષ અનુસંધાન કેન્દ્રો, સરકારી ભવનો તથા અન્ય સંવેદનશીલ સંસ્થાઓની સુરક્ષા સી.આઈ.એસ.એફ. કરે છે. આ સુરક્ષા બળના ૫૬મા સ્થાપના દિનના ઉપલક્ષમાં લખપતથી કન્યાકુમારી સુધીની સાઈકલ યાત્રાને ગત તા. ૭ના કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના હસ્તે પ્રસ્થાન કરાવાયું હતું. ૧૪ મહિલાઓ સહિત કુલ ૧૨૫ સી.આઈ.એસ.એફ.ના જવાનો ૨૫ દિવસની આ યાત્રા દ્વારા સી.આઈ.એસ.એફ.ની સમુદ્ર કાંઠાની સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને ભારતની આર્થિક સમૃદ્ધિ માટે તેઓની મહત્વની ભૂમિકાને પ્રદર્શિત કરશે.

# કોડીનારમાંથી ઘરફોડ ચોરી કરતા રીઢા ગુનેગારને ગણતરીની કલાકોમાં ઝડપી પાડતી કોડીનાર પોલીસ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૨



કોડીનારમાં ચોરી લૂંટ/ ઘરફોડ જેવા મિલ્કત વિરૂધ્ધના વણશોધાયેલ ગુન્હા શોધી કાઢવા તેમજ આવા ગુન્હાઓ બનતા અટકાવવા તાત્કાલીક જરૂરી કાર્યવાહી કરવાની સુચના કરેલ હોય જે અનુસંધાને કોડીનાર ઈન્ચાર્જ પો.ઈન્સ. વાય.આર.ચૌહાણની સુચના તથા માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એચ.એલ. જેબલીયા તથા પો હેડ કોન્સ.એ.પી.જાની તથા પો.હેડ કોન્સ અભિજીતસિંહ રાજેન્દ્રસિંહ તથા પો.કોન્સ ભગવાનભાઈ જીણાભાઈ તથા ભીખુશા બચુશા તથા હિંમતભાઈ આતુભાઈ વગેરે સ્ટાફનાઓને મળેલી ખાનગી બાતમી ના આધારે તથા અદ્યતન ટેકનોલોજી તથા ટેકનિકલ સોર્સથી કોડીનાર BNS.કલમ-૩૩૧(૪), ૩૦૫(૧) મુજબના ગુન્હાના ફરીયાદીની ઉના ઝાપા પાસે આવેલ "અમન પ્રોવીઝન સ્ટોર "નામની દુકાનમાં રહેલ કબાટમાંથી રોકડા રૂપિયા ૨૫,૦૦૦ ચોરી થયેલ હોય જે ચોરીના રોકડા રૂપિયા ૨૫,૦૦૦ સાથે આરોપી શિવમ ઉર્ફે શિવો મનુભાઈ જેઠવા ઉવ ૨૪ ધંધો મજુરી રહે કોડીનાર ઉના રોડ,કુમાર શાળાની બાજુમાં તા.કોડીનાર વાળાને પકડી લઈ તેના સામે કાયદેસરની કાર્યવાહી કરી અનડિટેકટ ગુન્હો ડિટેકટ કરી પ્રસંશનીય કામગીરી કરી હતી. આ અંગે ની વધુ તપાસ હેડ કોન્સ.એ.પી.જાની ચલાવી રહ્યા છે.

## • રમઝાન મુબારક •




### રમઝાન સંદેશ–૮

નૈતિક બગાડનો બીજો પ્રચલિત ઉકેલ છે ધર્મ અને ધર્મનું નૈતિક શિક્ષણ. પરંતુ અધિકતર ધર્મ, આધ્યાત્મિકતા અને સામૂહિક તેમજ વ્યક્તિગત નૈતિકતાને એક-બીજાથી તદન અલગ રાખે છે. કેટલાંક એવા ધર્મ છે, જેમાં આધ્યાત્મિકતા તેમજ આત્મિક શુદ્ધિનો એક માત્ર માર્ગ સન્યાસ છે. જેટલું અધિક આધ્યાત્મિક ઊંડાણમાં તમે ઉતરતા જશો, એટલા જ વધુ તમે જન-સાધારણ અને જીવનની બાબતમાં અલગ થતાં જશો. આમાંથી કેટલાક એવા છે જે નૈતિકતાને સીમિત અર્થમાં લે છે. જેમ કે ઈસાઈ મત મુજબ દયા, સહિષ્ણુતા તેમજ સ્નેહ જ મૂળભૂત નૈતિકતા છે. આ સિવાય નૈતિકતાનું તેમની શિક્ષાઓમાં કોઈ સ્થાન નથી. એટલા માટે તે સમાજિક જીવન વિષે કોઈ નિર્દેશ નથી મળતું. અહિંસાનું શિક્ષણ આપતો ધર્મ બુદ્ધમત અને જૈનમત પણ સામાજિક નૈતિકતાને અધ્યાત્મિક જીવનથી જુદું રાખે છે. તેનું કારણ આ છે કે તેમને ત્યાં પણ અધ્યાત્મિક જીવનની પરાકાષ્ઠા સંસારિક જીવનનો ત્યાગ છે. નૈતિક બગાડના આ સર્વાંગી સંકટમાં આજે પ્રત્યેક નાગરિક એક એવી વૈચારિક તેમજ વ્યવહારિક વ્યવસ્થાની શોધમાં છે, જે તેનું સામાધાન કરી શકે અને સંસારવાદ તેમજ સ્વાર્થવાદની માનસિકતા ઉપર કાબુ મેળવવામાં મનુષ્યની મદદ કરી શકે. સત્ય અને ન્યાયના માત્ર ભ્રામક શબ્દ અને નારાઓ જ ન આપે, બલ્કે આ સંદર્ભમાં વ્યાપક માર્ગદર્શન પણ કરે. તે ધર્મ તેમજ આધ્યાત્મિકતાને વિચિત્ર કર્મ-કાંડો તેમજ વિચારોનો સંગ્રહ ન માને, બલ્કે તેમને માનવ વ્યક્તિગત તેમજ સામાજિક જીવનની સુધારણાનું માધ્યમ બનાવે. નૈતિક મુલ્યોને માત્ર વ્યક્તિગત તેમજ અંગત જીવન સુધી સીમિત ન કરે, બલ્કે તેને સમાજ-નિર્માણનો આધાર બનાવે.

| | |
|---|---|
| રોઝા- | ૧૧ બુધવાર |
| ઈફતાર - | ૭ : ૦૦ |
| રોઝા - | ૧૨ ગુરૂવાર |
| શહેરી - | ૫ : ૪૦ |

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

# માણસને માનવતા જ એક સારો માનવ બનાવે છે

## લોકો મંદિરોમાં એમ જ નથી જતાં, શ્રદ્ધા પત્થરને પણ ભગવાન બનાવે છે

હોળી ધુળેટી પર્વનો અનેરો ઉમંગ ઉત્સાહ કાળઝાળ મોંઘવારી ભેળ સેળના વાવાઝોડામાં ફસાયેલી પ્રજામાં જોવા મળી રહયો ત્યારે આપણે પણ પ્રજા સાથે મૌન સેવીને આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો નીતિ વગરનો ધર્મ વિધુર છે. અર્થોપાર્જન કરવું એ ધર્મ છે, પણ અર્થ ધર્માનુકૂલ હોશેજોઈએ અર્થને ધર્મની મર્યાદા ન હોય તો એ માયા નું સ્વરૂપ બને છે અને તે અનર્થ કરે છે.ધર્મરાજા ના પવિત્ર રાજ્ય માં કોઈના ઘરમાં ઝઘડો ન હતો. પુત્ર માતાપિતાની આજ્ઞામાં રહેતો. તે વખતે રાજા ધર્મનિષ્ઠ હોવાથી પ્રજા પણ ધર્મનિષ્ઠ હતી.

યુધિષ્ઠિરને ગાદીએ બેસાડીને શ્રી કૃષ્ણ દ્વારિકા પધારે છે. દ્વારિકાના લોકો રથયાત્રાના દર્શન કરે છે. રથમાં વિરાજેલા દ્વારિકાનાથનાં દર્શન રોજ કરો.શંખ,ચક્ર,ગદા, પદ્મ હાથમાં છે.સોનાનો રથ છે. આ શરીરરથમાં શ્રીકૃષ્ણને નિહાળો ભક્તો હૃદય સિંહાસન ઉપર પરમાત્માને પધરાવી તેનાં દર્શન કરે છે. જ્ઞાની ઓ સમાધિમાં બ્રહ્મનાં દર્શન કરે છે.

દ્વારિકાધીશ દ્વારિકામાં પધારે છે. સર્વને શ્રીકૃષ્ણદર્શનની આતુરતા છે.ભગવાને અનેક સ્વરૂપો ધારણ કરી એકી સાથે સોળહજાર રાણી ઓના મહેલમાં પ્રવેશ કર્યો. ભગવાન બોલવામાં ચતુર છે. દરેક ને કહે, તારે ત્યાં પહેલા આવ્યો છું.રાણીઓમાં બીજે દિવસે પ્રેમનો ઝઘડો થયો. ભગવાનની આ દિવ્ય લીલા છે. તે વખતે કામદેવ લડવા આવ્યા છે. રાસલીલામાં કામદેવ ની હાર થઈ હતી. પણ કહે છે કે,તે વખતે શ્રી કૃષ્ણ બાળક હતા તેથી હું હાર્યો અહીં દ્વારિકામાં હું જીતવાનો હાવભાવથી રાણીઓએ શ્રીકૃષ્ણ ને પ્રસન્ન કરવા પ્રયત્ન કર્યો, પણ શ્રીકૃષ્ણ અજેય રહ્યા. જંગલમાં વૃક્ષની નીચે બેસી કામને મારે તે સામાન્ય છે,પરંતુ અનેક રાણીઓ વચ્ચે રહીને કામને જીતે તે પરમાત્મા છે.

શ્રીકૃષ્ણનું ચિંતન મનન કરનારને કામ ત્રાસ આપી શકે નહીં, તો શ્રીકૃષ્ણને કામ શું ત્રાસ આપી શકવાનો હતો? ઈશ્વર તે કે જે કોઈ દિવસ આધીન થતો નથી. કામને આધીન થાય તે જીવ. કામદેવે હાર કબૂલી.શ્રીકૃષ્ણ યોગેશ્વર છે.શંકર યોગી શ્વર છે. પૂર્ણ પ્રવૃત્તિધર્મમાં રહી પ્રવૃત્તિમાં લેપાય નહીં,આસક્ત ન બને તે યોગેશ્વર.સંપૂર્ણ નિવૃત્તિ માં રહી સ્વ-સ્વરૂપમાં સ્થિર રહે તે યોગેશ્વર..

બારમાં અધ્યાયમાં પરીક્ષિતના જન્મની કથા છે. ઉત્તરાને ત્યાં બાળક થયો તે ચારે તરફ જોવા લાગ્યો કે માના પેટમાં પણ મને ચતુર્ભુજ સ્વરૂપે જે પુરુષ દેખાતા હતા તે ક્યાં છે? પરીક્ષિત ભાગ્ય શાળી છે કે જેને માતાના ગર્ભમાં પરમાત્માનાં દર્શન થયાં.તેથી પરી ક્ષિત મહારાજ ઉત્તમ શ્રોતા છે.

યુધિષ્ઠિરે બ્રાહ્મણોને પૂછ્યું કે, બાળક કેવો થશે? ત્યારે બ્રાહ્મણો એ કહ્યું,સર્વ ગ્રહો દિવ્ય પડ્યા છે. એક મૃત્યુ સ્થાન જરા બગડેલું છે એનું મૃત્યુ સર્પદંશથી થશે.ધર્મ રાજાને આ સાંભળી દુઃખ થયું. મારા વંશનો દીકરો અને તે સર્પ દંશ થી તેનું મૃત્યુ પામે તે યોગ્ય નથી.ત્યારે બ્રાહ્મણોએઆશ્વાસન આપ્યું. સર્પદંશથી તેનું મૃત્યુ ભલે થશે પણ તેને સદગતિ મળશે. તેના બીજા ગ્રહો સારા છે.તે ગ્રહો જોતા લાગે છે કે,આ જીવાત્માનો છેલ્લો જન્મ છે. નવમા સ્થાનમાં સ્વગૃહે ઉચ્ચક્ષેત્ર નો બૃહસ્પતિ હોય તે ધર્માત્મા બને છે. પરીક્ષિત ધીમે ધીમે મોટો થાય છે.

ધર્મરાજા ગાદી ઉપર વિરાજ્યા છે વિદુરકાકા પધાર્યા છે.ધર્મ રાજા વિદુરજીનું સ્વાગત કરે છે. વિદુરકાકા માન લેવા આવ્યા ન હતા.તેઓ તો ધર્મરાજા યુધિષ્ઠિર ને આશરે પડેલા પોતાના ભાઈ ધૃતરાષ્ટ્રને એ બંધનમાંથી છોડા વવા આવ્યા હતા. છત્રીસ વર્ષ તીર્થયાત્રા કરીને આવ્યા હતા.

શાસ્ત્રમાં તીર્થયાત્રાનું ઝાઝું મહત્ત્વ નથી.સહજ અવસ્થા ઉત્તમ, ધ્યાન ધારણ મધ્યમ, મૂર્તિપૂજા અધમ અને તીર્થયાત્રા તો અધમ. તેનું કારણ એ કે યાત્રામાં ઈશ્વરનું નિયમથી ધ્યાન થતું નથી. સત્કર્મ પણ નિયમપૂર્વક થતું નથી.ઘર કરતાં વધારે સત્કર્મ તીર્થયાત્રામાં ન થાય તો તીર્થયાત્રા શા ખપની?

છત્રીસ વર્ષની યાત્રાનું વર્ણન વિદુર જીએ માત્ર બત્રીસ શબ્દોમાં કર્યું છે. તમારા હાથે જેટલું પુણ્ય થાય તે ભૂલી જાવ, અને જેટલું પાપ થાય તે યાદ રાખો.આ સુખી થવાનો માર્ગ છે.મધ્યરાત્રિએ વિદુર જી ધૃતરાષ્ટ્ર પાસે ગયા. ધૃતરાષ્ટ્ર જાગતા હતા. વિદુરજી ધૃતરાષ્ટ્રને પૂછે છે, કેમ ભાઈ, ઊંઘ આવતી નથી? પાંડવોને છોડી હવે યાત્રાએ નીકળો.

ધૃતરાષ્ટ્ર કહે છે કે, ભત્રીજો બહુ વહાલો છે.મારી ખૂબ સેવા કરે છે. વિદુરજી કહે છે,હવે તને ભત્રીજો વહાલો લાગે છે,પણ તમે પાંડવો ને મારવા કેટલા પ્રયત્નો કર્યા હતા એ ભૂલી ગયા? એ તો ધર્મરાજા ધર્મની મૂર્તિ છે,તેથી તારા અપકાર નો બદલો ઉપકારથી વાળે છે. પણ હવે તમારા માથે કાળ છે. સમજીને ઘર છોડો તો સારું, નહીંતર કાળ ધક્કો મારશે એટલે ઘર છોડવું પડશે.ધૃતરાષ્ટ્ર કહે છે કે, ભાઈ, તારું કહેવું સાચું છે. પણ હું આંધળો છું. એકલો ક્યાં જાઉં? વિદુરજી કહે છે,અત્યારે જ તમને મારી જોડે લઈ જાઉં!પછી ધૃત રાષ્ટ્ર-ગાંધારીને વિદુરજી સપ્ત સ્ત્રોતસ તીર્થમાં લઈ આવ્યા સવારે યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રના મહેલ માં આવ્યા,પણ કાકા દેખાતાનથી તેમણે સંકલ્પ કર્યોકે,કાકા-કાકીનો પત્તો ન લાગે,ત્યાં સુધી મારે પાણી પીવું નહીં.

ધર્મી દુઃખી થાય છે તો સંત તેને ત્યાં આવે છે. ધર્મરાજાની પાસે તે વખતે નારદજી પધાર્યા. ધર્મરાજા તેને કહે છે, મારા પાપે મારા કાકા ચાલ્યા ગયા.

વૈષ્ણવ તે છે જે સ્વદોષનો વિચાર કરે,બીજાના દોષનો નહીં.નારદજી સમજાવે છે કે, દરેક જીવ મરણને આધીન છે.કાકા જ્યાં જવાના ત્યાં તમારે પણ જવાનું છે. ધૃતરાષ્ટ્રને સદગતિ મળવાની છે, ચિંતા ન કરો.આજથી પાંચ દિવસ પછી કાકાની સદગતિ થશે. કાકાને માટે હવે રડશો નહીં. હવે તમારો વિચાર કરો. મરેલો પાછો આવતો નથી.જીવતો પોતા માટે રડે તે જ સારું.એક મરે તેના પાછળ બીજો રડેછે,પણ રડનારો એ સમજતો નથી કે, એ ગયો છે ત્યાં મારે પણ એક દિવસ જવાનું છે.તમારા માટે પણ હવે છમહિના બાકી રહ્યા છે.

આમ કહી નારદજી કહે છે, હું તમને સાવધાન કરવા આવ્યો છું. વિદુરજી ધૃતરાષ્ટ્રને સાવધાન કરવા આવ્યા હતા.હું તમને સાવધાન કરવા આવ્યો છું. છ મહિના પછી કળિયુગની શરૂઆત થશે.હવે તમે કોઈની ચિંતા ન કરો તમે તમારી ચિંતા કરો.યુધિષ્ઠિરે ઘણા યજ્ઞો કર્યા. ભગવાન દ્વારિકા ગયા,ત્યારે અર્જુનને સાથે લઈ ગયા. પ્રભુને ઈચ્છા હતી કે, યદુ કુળનો વિનાશ થાય તો સારું. યદુ કુળનો વિનાશ થયો.

યુધિષ્ઠિરે ભીમને કહ્યું,નારદજીએ કહ્યું હતું તે સમય આવ્યો હોય તેમ લાગે છે.મને કળિયુગની છાયા દેખાય છે. મારા રાજ્યમાં અધર્મ વધી ગયો છે.હું કાલે ફરવા ગયો હતો.લુહારને ત્યાં મેં એક યંત્ર જોયું.મેં તેને પૂછ્યું કે, આ શું છે? તેણે કહ્યું કે, એ તાળું છે. હવે લોકોને ત્યાં ચોરીઓ થવા લાગી છે.એટલે ઘરને તાળાં મારવાં પડે છે!હવે છ મહિના ઉપરની વાત કહું.એક વૈશ્યે બ્રાહ્મણને મકાન વેચાતું આપ્યું.તે મકાનના પાયામાં થી સોનામહોરો નીકળી.બ્રાહ્મણ તે લઈ શેઠ પાસે આવ્યો. શેઠ કહે કે,મેં મકાન તમને વેચ્યું છે,એટલે હવે મકાન માંથી જે નીકળે તે તમારું એના પર મારો હક નથી. બ્રાહ્મણ પણ કહે કે,આ સંપત્તિ ઉપર મારો હક્ક નથી,તે મારી નથી. મને થયું કે મારા રાજ્યની પ્રજા કેવી ધર્મ નિષ્ઠ છે! હવે ગઈ કાલે તે જ બ્રાહ્મણ અને શેઠ મારી પાસે આવ્યા.બ્રાહ્મણ કહે છે, સંપત્તિ મારી છે અને શેઠ કહે છે સંપત્તિ મારી છે. તે વખતે મારી બુદ્ધિ બગડેલી હતી. હવે મારી બુદ્ધિ સુધરી ગઈ છે. આ પ્રમાણે બંને પોત પોતાનો હક્ક તે સંપત્તિ ઉપર બતાવે છે. મને દેખાય છે કે મારા પવિત્ર રાજ્યમાં કળિનો પ્રવેશ થયો છે.

કળિ એટલે કલહ. જે ઘરમાં શ્રી કૃષ્ણ કીર્તન,શ્રીકૃષ્ણકથા થાય તે ઘરમાં કળિ આવતો નથી. ભીમસેન અને ધર્મરાજા આવી રીતે વાતો કરતા હતા તેવામાં અર્જુન આવ્યો. તેના મુખ ઉપર જરાય તેજ દેખાતું નથી. યુધિષ્ઠિર અર્જુનને પૂછે છે કે, તારું તેજ ગયું ક્યાં? તે આંગણે આવેલા અતિથિ ને આપ્યા વગર ભોજન તો કર્યું નથી ને?અતિથિ ભગવાનનું સ્વરૂપ છે.આંગણે આવેલો અતિથિ ભૂખ્યો રહે,તો યજમાનનું પુણ્ય ખાઈ જાય છે. નચિકેતા યમરાજાને ત્યાં ત્રણ દિવસ ભૂખ્યો તરસ્યો બેસી રહ્યો. યમરાજા આવીને પૂછે છે કે, આ ત્રણ દિવસ તેં શું ખાધું? નચિકેતા જવાબ આપે છે કે તમારું પુણ્ય ખાધું?

મનુષ્ય શરીર કરતાં આંખથી, મનથી પાપ કરે છે. ગીતાજીમાં પ્રભુએ અર્જુનને માનપત્ર આપ્યું છે કે,મારો અર્જુન પવિત્ર છે. એટલે તો ભગવાને ગુરૂતમ જ્ઞાન તેને આપ્યું.એક રાત્રે ઊર્વશી અર્જુનને મળવા આવી, પણ અર્જુને તેની સામે જોયું નથી. એકાંતમાં કામને જીતે એ વીર. મને ખાતરી છે કે મારો અર્જુન કદી કંઈ પાપ કરે જ નહીં તોએ નિસ્તેજ કેમ છે?મને આ કળિયુગ નાં લક્ષણો દેખાય છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત હોળી ધૂળેટીના પર્વની શુભકામના પાઠવું છું. આજનું ચિંતન મનન કરી સદા ખુશ રહો તેવી પ્રાર્થના સહ અસ્તુ.

– યશપાલસિંહ ટી. વાઘેલા

શ્રી ઓગડ વિદ્યા મંદિર, દરબારગઢ, થરા

## આખરે ભ્રષ્ટ આગેવાનોનાં કૌભાંડોનો ભાંડો ફુટયો

# બોગસ માપણી સીટનાં આધારે અપાયેલી ઈમારતોની વિકાસની મંજુરી રદ - શોકોઝ નોટીસ

### જૂનાગઢનાં ભૂતપૂર્વ ડે. મેયર ગીરીશ કોટેચા અને શહેર ભાજપનાં ભૂતપૂર્વ પ્રમુખ પુનિત શર્માનાં પરીવારજનો દ્વારા વિકસાવવામાં આવેલ શ્રીમદ અને શ્રીવલ્લભ-૪ એપાર્ટમેન્ટની મંજુરીઓ રદ

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ શહેરમાં ગેરકાનૂની રીતે બહુમાળી ઈમારતો ખડકી દેવામાં ખુદ ભાજપનાં જ આગેવાનો શામેલ હોવાના અહેવાલો વારંવાર અખબારોમાં પ્રસિધ્ધ થાય છે ત્યારે આ વાતની આજે પુષ્ટી થઈ ગઈ છે. જૂનાગઢનાં ભૂતપૂર્વ ડે. મેયર ગીરીશ કોટેચા અને શહેર ભાજપનાં ભૂતપૂર્વ પ્રમુખ પુનીત શર્માનાં મળતીયાઓએ બોગસ માપણી સીટનાં આધારે વિકાસની મંજુરી મેળવી કૌભાંડ આચરી બહુમાળી ઈમારત ખડકી દીધી હોવાનું ફલીત થતાં જૂનાગઢનાં મ્યુની. કમિશ્નર ડો. ઓમપ્રકાશનાં ધ્યાને આ બાબત આવતા તેમણે વણઝારી ચોકમાં આવેલ શ્રીમદ અને જવાહર રોડ પર આવેલ શ્રીવલ્લભ-૪ એપાર્ટમેન્ટ સહિતનાં ત્રણ બાંધકામોની મંજુરી રદ કરી યથાસ્થિતિ જાળવી રાખવા અને શોકોઝ નોટીસ પાઠવવામાં આવી છે. જે લોકોને શોકોઝ નોટીસ પાઠવવામાં આવી છે તેમાં ગીરીરાજ ડેવલોપર્સ જૂનાગઢનાં ભાગીદારો પૂર્વ ડે. મેયર ગીરીશ કોટેચાનાં કુટુંબી યતિન નરેન્દ્રભાઈ કોટેચા, જીતેન્દ્ર ચુનીલાલ નથવાણી, શહેર ભાજપનાં પૂર્વ પ્રમુખ પુનીત બલબીરકૃષ્ણ શર્માનાં નામે આવેલી મિલ્કતો ગેરકાયદેસર હોવાનું જણાય આવતા અને રેકોર્ડ સાથે છેડછાડ કરી બાંધકામની મંજુરી મેળવી લઈ એપાર્ટમેન્ટ બનાવી નાખવામાં આવ્યા હોવાનું બહાર આવતા આખરે જૂનાગઢ મનપાનું તંત્ર એકશનમાં આવ્યું છે. આ અંગે કમિશ્નર ડો. ઓમપ્રકાશ અને એસટીપીઓ વિનય પારેખનાં જણાવ્યા મુજબ બોગસ માપણી સીટનાં આધારે જે મંજુરીઓ મેળવી હતી તે રદ કરી નાખવામાં આવી છે અને વણઝારી ચોકમાં આવેલ શ્રીમદ અને જવાહર રોડ ઉપર આવેલ શ્રી વલ્લભ-૪ એપાર્ટમેન્ટ બંનેની વિકાસ પરવાનગી રદ કરી યથા સ્થિતિ જાળવી રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. આમ રેવન્યુ રેકર્ડમાં ચેડા કરી બોગસ માપણી સીટ બનાવી તેના આધારે મંજુરીઓ મેળવી કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું જાહેર થતાં આખરે ભાજપનાં જ નેતાઓનાં કૌભાંડોનો ભાંડો ફુટી ગયો છે અને હજુ પણ આગામી દિવસોમાં વધુ મિલ્કતોની તપાસ થશે ત્યારે જૂનાગઢ શહેરમાં ધરતીકંપ આવે તેવી કાર્યવાહી કરવામાં આવશે તેવું જાણકાર સુત્રોમાં ચર્ચાઈ રહયું છે. બોગસ માપણી સીટ અને રેવન્યુ રેકર્ડમાં છેડછાડનો મામલો હાઈકોર્ટ સુધી પણ પહોંચ્યો છે ત્યારે આ મામલે જૂનાગઢ મ્યુની. કોર્પોરેશનનું તંત્ર પણ સાવચેત થઈ ગયું છે અને કૌભાંડોની હોળીમાં કયાંક પોતે દાઝી ન જાય તેની તકેદારી રાખી રહી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહયું છે. સુત્રોનાં જણાવ્યા મુજબ જૂનાગઢ શહેરમાં આવેલી બહુમાળી ઈમારતો પૈકીની ૮૦ ટકા ઈમારતોમાં બોગસ નકશા, માપણી સીટનાં આધારે પાંચ-પાંચ માળની ઈમારતો ખડકી દેવામાં આવે છે. જો કમિશ્નરશ્રી અને એસટીપીઓની ટીમ માપણી સીટ, મંજુરીનાં નકશા સહિતનાં રેવન્યુ રેકર્ડ રાખી સ્થળ ખરાઈ કરે તો જૂનાગઢમાં ડીમોલીશનનું વાવાઝોડું ફુંકાશે તે નિશ્ચિત છે તેવું જાણકાર સુત્રોમાં ચર્ચાઈ રહયું છે.

# જૂનાગઢનાં ત્રણ આરટીઆઈ એકટીવીસ્ટો સામે ફરજમાં રૂકાવટ, હડધૂત કરવા સહીતની પોલીસ ફરીયાદને પગલે ચકચાર

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ શહેરમાં આરટીઆઈ એકટીવીસ્ટનાં નામે અવાર નવાર માહિતી માંગવા ઉપરાંત જે તે વ્યકિતઓને કોઈપણ રીતે સાણસામાં લેવાની તજવીજ હાથ ધરવામાં આવતી હોવાની અનેક ફરીયાદો છેલ્લા કેટલાક સમય થયા ઉઠવા પામેલી છે. જો કે બધા આરટીઆઈ એકટીવીસ્ટ એકસરખા નથી હોતા. પરંતુ કેટલાક સામે તો ઘણી ફરીયાદો ઉઠવા પામી છે. દરમ્યાન જૂનાગઢનાં ત્રણ એકટીવીસ્ટો સામે ફરજમાં રૂકાવટ, હડધૂત કરવા સહીતની ફરીયાદ નોંધાતા ચકચાર જાગી ઉઠી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર જૂનાગઢ મનપા વોર્ડ નં. ૭નાં સેનેટરી ઈન્સ્પેકટર જીગ્નેશભાઈ જીતેન્દ્રભાઈ ઓડેદરાએ આરટીઆઈ એકટીવીસ્ટ લોકેશ પોપટાણી, મનોજ ચુડાસમા અને જીગ્નેશ પંડયા સામે ફરજમાં રૂકાવટ અને સફાઈ કામદારોને હડધુત કર્યાની પોલીસ ફરીયાદ નોંધાવી હતી. બી ડીવીઝન પોલીસ મથકમાં સોમવારે રાત્રે થયેલી ફરીયાદ અનુસાર એસઆઈ અને સફાઈ કામદારો ગત તા. ૬ માર્ચના રોજ રાત્રે ૯.૩૦ કલાકે વોર્ડ નં. ૭ અને ૫ની સંયુકત ઓફીસ ખાતે વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવવાનાં ભાગરૂપે પ્લાસ્ટીકની બોટલોમાંથી મોર પક્ષી બનાવવાની કામગીરી કરતા હતા. આ વખતે લોકેશ પોપટાણી અને મનોજ ચુડાસમાએ આવી મોબાઈલ કાઢી વિડીયો શુટીંગ ઉતારવા લાગ્યા હતાં. અને તમો લોકો અહી દારૂની મહેફીલ માણછો છો અને માસ મટન રાંધીને પાર્ટી કરો છો તેમ કહી કામગીરી ખોરંભે ચડાવી ઓફીસમાંથી બહાર નીકળી ગયા હતાં. ત્યાં જીગ્નેશ પંડયા પણ આવી ગયા હતાં અને અમે પ્રેસ મિડીયામાંથી આવીએ છીએ અને આરટીઆઈ એકટીવીસ્ટ છીએ તમે લોકો દારૂની મહેફીલ કરો છો, માસ મટન બનાવવાનાં કાર્યક્રમ કરો છો તેમ કહયું હતું. લોકેશભાઈ પોપટાણીએ સાથેનાં સફાઈ કર્મચારીઓને ગાળો કાઢી હતી. જીગ્નેશ પંડયાએ સેનીટેશન સુપ્રી. કલ્પેશભાઈને ફોન કરી આ જગ્યાએ આવો તમારી ઓફીસમાં માણસો દારૂ પીએ છે અને માસ મટનની પાર્ટી ચાલુ છે તેમ કહેતા કલ્પેશભાઈ આવ્યા હતાં. અને તેમણે આ લોકોમાંથી કોઈ દારૂ પીધેલ હોય તો ટેસ્ટ કરાવી લેવાનું જણાવતા ત્રણેયમાંથી કોઈએ ૧૦૦ નંબર પર કોલ કરતા થોડીવારમાં પોલીસે આવી તપાસતા કોઈ દારૂ પીધેલનું જણાયેલ નહી. તેમ છતાં બ્રેથ એનેલાઈઝરથી ચેકઅપ કરતા કોઈ કેફી પીણુ પીધેલ જણાયેલ નહી. આમ ફરજમાં રૂકાવટ કરી અને સફાઈ કર્મચારીઓને હડધુત કર્યાની ફરીયાદ નોંધાવી હતી. વધુ તપાસ એસસી એસટી સેલનાં ડીવાયએસપી આર.જે. પરમારે હાથ ધરી છે. ઉપરોકત બનાવનાં અનુસંધાને લોકોમાં પણ તરહતરહની અફવાઓ અને ચર્ચાઓ થઈ રહી છે. ખરેખર સત્ય શું છે તે અંગે તો તપાસ પૂર્ણ થયા બાદ બહાર આવે તેવી શકયતા છે.

## આરટીઆઈ એકટીવીસ્ટોના નામે તોડબાજ કરનારાઓ સામે કડક પગલા ભરાશે : હર્ષ સંઘવી



ગાંધીનગર તા.૧૨

ગુજરાત રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે વિધાનસભા ગૃહમાં એક મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, આરટીઆઈ એકટીવીસ્ટોના નામે તોડ કરનારાઓ સામે કડક પગલા ભરવામાં આવશે અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું. તેમજ તોડ કરનારા તોડબાજો સામે એકશન લેવામાં આવશે. પોલીસ અને એસીબી કચેરીની યાદી બનાવીને કાર્યવાહી કરવામાં આવશે. અત્યાર સુધીમાં ૪૧ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. તો બીજી તરફ સુરતમાં સચીનમાંથી આરટીઆઈનાં નામે તોડ કરનારા ક્રાંતિધર્મનાં સહતંત્રીની પણ ધરપકડ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી ગુજરાતના પ્રત્યેક શહેરોમાં આરટીઆઈ એકટીવીસ્ટોનો રાફડો ફાટયો છે. બીલાડીના ટોપની માફક ફુટી નીકળેલા આવા એકટીવીસ્ટો અનેકવાર કોઈને જોરજુલમી, દબામણી અને ઘણી વાર તો તોડ પણ કરતા હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી છે. અપવાદરૂપ બાદ કરતા કેટલાક એકટીવીસ્ટો વિરૂધ્ધ તો ઉચ્ચ કક્ષાએ પણ રજુઆતો થઈ છે અને આવા કથીત એકટીવીસ્ટોથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. દરમ્યાન ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ આ બાબતે પોતાનું નિવેદન જારી કરી જણાવ્યું હતું કે, તોડબાજ કરનારા આરટીઆઈ એકટીવીસ્ટો સામે કડક પગલા ભરવામાં આવશે અને કોઈ જાતની શેહશરમ રાખવામાં નહીં આવે તેવી જાહેરાત કરતા આરટીઆઈ એકટીવીસ્ટોમાં ખળભળાટ મચી જવા પામેલ છે.

# જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રમાં આકાશમાંથી અગન વર્ષા વરસી



## આજે અને આવતીકાલે તાપમાન ૪૧ ડીગ્રીને પાર થવાની સંભાવના

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ અને વિવિધ શહેરોમાં આજે અને આવતીકાલે મહત્તમ તાપમાન ૪૦ થી ૪૧ ડીગ્રી આસપાસ રહેવાની સંભાવના છે. અને આકાશમાંથી આકરો તાપ વરસી રહયો છે. જૂનાગઢ સહીત સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આગામી કલાકોમાં ગરમીનો કહેર વરસે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. અને હાઈએલર્ટ જાહેર કરવામાં આવેલ છે. હવામાન વિભાગ દ્વારા ગઈકાલે આગાહી કરતા જણાવ્યું હતું કે આગામી ૨૪ કલાકમાં જૂનાગઢ, કચ્છ, મોરબી, પોરબંદર, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં અલગ અલગ તીવ્ર ગરમીની લહેરની સંભાવના વ્યકત કરવામાં આવી હતી. આજે અને આવતીકાલે બે દિવસ મહત્તમ તાપમાન ૪૦ થી ૪૧ ડીગ્રી આસપાસ રહેશે. અને ત્યારબાદ તાપમાનમાં બે-ત્રણ ડીગ્રીનો ક્રમશઃ ઘટાડો થનાર છે. અને ૧૪ માર્ચથી ગરમીમાં આંશિક રાહત મળશે. આ સાથે જ માર્ચ મહીનાના છેલ્લા અઠવાડીયામાં ગરમીનો બીજો રાઉન્ડ શરૂ થશે તેમ જણાવ્યું હતું. ગઈકાલે સવારથી જ ગરમીની તીવ્ર લહેર ઉઠી હતી. અને ખાસ કરીને બપોરનાં સમયે તો બજારો સુમસામ ભાસતી હતી. હિટવેવ હોય ત્યારે અનિવાર્ય સંજોગો સિવાય ઘરની બહાર ન નીકળવું, પુસ્કળ પાણી પીવું, સુતરાઉ કપડા પહેરવા, ઘરે છાશ-લીંબુ પાણી, વરીયાળી, કાચી કેરી, ગુલાબ કાળી દ્રાક્ષનું શરબત પીવું. અથવા ફ્રુટ જયુશ વધારે પીવાનું રાખવું અને ગરમીનાં દિવસોમાં તરબુચનું દરરોજ સેવન કરવું જરૂરી છે.

અત્રે નોંધનીય છે કે ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા પુરી થઈ ગઈ હોવાથી વિદ્યાર્થીઓને ગરમીમાં રાહત રહેશે. પરંતુ પ્રાયમરી અને કોલેજ વિભાગની પરીક્ષાઓ એપ્રીલમાં હોવાથી અને હાલ શાળા-કોલેજો ચાલુ હોય ત્યારે વિદ્યાર્થીઓને ગરમીનો ભારે સામનો કરવો પડશે. અને વાલીઓએ પણ પોતાનાં બાળકોને ગરમીથી કેમ બચવું તેની સલાહ આપવી જરૂરી છે. અનિવાર્ય સંજોગો સિવાય ઘરની બહાર ન નીકળવાની ખાસ સલાહ આપવી. ઘરોની દિવાલો પણ ભારે ગરમીથી તપી જવાથી ઘરમાં પણ પંખા ચાલુ હોય તો પણ ગરમ હવા ફેંકતી હોવાથી લોકોને ઘરમાં રહેવું પણ મુશ્કેલ બની ગયું છે.

હોળી-ધુળેટી પર્વની હાર્દિક શુભેચ્છા...
પેટનાં રોગો, વા, દમ, જેવા હઠીલા રોગોની આયુર્વેદિક ચિકિત્સા
ડો. વિપુલ મહેતા
એમ.ડી.(આર્યુ.) આયુર્વેદ નિષ્ણાંત
શ્રેયસ આયુર્વેદ કલીનીક
૧૨૩ /૨૫ ઈન્દ્રલોક આર્કેડ, મહર્ષિ અરવિંદ માર્ગ, તળાવ દરવાજા, જૂનાગઢ
મો. ૯૮૨૫૧ ૨૦૬૨૪
સમય : સવારનાં ૯ થી ૧ સાંજે ૫ થી ૮

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૬૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું • હળદર • ધાણાજીરૂ • ગરમ મસાલો

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

હોળી-ધુળેટી પર્વની હાર્દિક શુભેચ્છા...
વરૂણ
દર્દ નિવારક તેલ
કષ્ટહર તેલમ્
● કમરનો દુઃખાવો ● સાંધાનો દુઃખાવો
● ગરદનનો દુઃખાવો
● માસ પેશીઓનાં દુઃખાવામાં અસરકારક
વ્યાપારીક પુછપરછ આવકાર્ય છે
દિનેશ એજન્સીઝ
આઝાદ ચોક, જૂનાગઢ
સંપર્ક : ૯૯૨૫૫ ૧૧૯૯૭

ખજુર કિલો ૧ના રૂા. ૮૦
ખાસ : હુતાસણી નિમિત્તે હારડા, પતાસા, દારીયા, પોપકોન ધાણી મળશે
રાજમિલન સ્વીટ માર્ટ
કાળવા ચોક, જૂનાગઢ

ફ્લેટ ભાડે આપવાનો છે
જૂનાગઢના તળાવ દરવાજા, જૈન દેરાસર પાસે, આર્દેશ એપાર્ટમેન્ટમાં, 2BHK ફ્લેટ, બીજા માળે ફૂલ હવા ઉજાસ, ટીપટોપ કન્ડીશન ભાડે આપવાનો છે, ભાડું ફિક્સ રૂા.૭૦૦૦/-
:: સંપર્ક ::
મો. ૯૪૨૬૨૨૬૬૧૨

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જૂનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો
ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણઝારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

બેકરી શો-રૂમમાં કામ કરી શકે
અનુભવી માણસોની જરૂર છે
બહુ જ સારો પગાર મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨